## કુ. સી. એલ. મહેતા, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત, અમદાવાદ.
## રેફરન્સ (ટી.) નં.૧૪૭/૨૦૦૪.

**આંક–૩૮.**

**પ્રથમ પક્ષકાર :–** ગુજરાત કૃષિ યુનિવર્સીટી,
ફળ સંશોધન કેન્દ્ર, દહેગામ,
તા. દહેગામ, જિ. ગાંધીનગર.

**: વિ રૂ ધ્ધ :**

**બીજા પક્ષકાર :–** ૧. શ્રી બદાજી સોમાજી પરમાર
૨. શ્રી બાદરજી જવાનજી પરમાર
૩. શ્રી કાનજીભાઈ અંબાલાલ પરમાર
૪. શ્રી વિષ્ણુજી પ્રતાપજી
૫. શ્રી મંગાજી કુલાજી

ઓલ ગુજરાત લાલવાવટા કામદાર યુનીયન,

ચામુંડાનગર, સ્વસ્તિક ચાર રસ્તા,અમરાઈવાડી, અમદાવાદ–૨૬.

**વિષય** : ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય બાબત.

પ્રથમ પક્ષકાર તરફે : વિધ્વાન વકીલ શ્રી પારસભાઈ પટેલ
બીજા પક્ષકારો તરફે : વિધ્વાન પ્રતિનિધી શ્રી રમેશભાઈ પરમાર

**: એ વો ર્ડ :**

ઉપરોકત પક્ષકારો વચ્ચે નીચે અનુસૂચિમાં જણાવેલ ઔદ્યોગિક વિવાદ નાયબ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદનાએ તેમના તા.૧૦/૨/૨૦૦૪ પત્રથી શ્રમ અદાલત અમદાવાદને હુકમ નં.કેએચ–એસએચએમસીઆર–ક– આઈડીઆર–૫૮૮ થી ૯૨/૦૩ થી ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

**: અ નુ સૂ ચિ :**

'' (૧) શ્રી બદાજી સોમાજી પરમાર
(૨) બાદરજી જવાનજી પરમાર
(૩) પરમાર કાનજીભાઈ અંબાલાલ,
(૪) વિષ્ણુજી પ્રતાપજી
(૫) મંગાજી કુલાજી ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**૧.** આ કામમાં આંક–૨ થી પક્ષકારોને પ્રથમ સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલી છે જે આંક–૩ થી બંને પક્ષકારોને બજે રેકર્ડ ઉપર છે.

આ કામમાં આંક–૪ થી બીજા પક્ષકારો ધ્વારા તેઓએ માંગણાનું નિવેદન રજુ કરેલુ

છે અને તેમાં બીજા પક્ષકારો કામદારો પ્રથમ પક્ષકાર સંસ્થામાં ઘણા લાંબા સમયથી ગુજરાત કૃષિ યુનીવર્સીટી, ફળ સંશોધન કેન્દ્રમાં કાયમી કામદાર તરીકે કામ કરતા હતા પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓને દરરોજ કામ મળતુ હતુ. પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા વાળા તેઓની હાજરી અલગ – અલગ નામથી અલગ – અલગ દિવસે પુરતા હતા અને તે કાયમી કરવા ન પડે તેવો બદઈરાદો રાખતા હતા. બીજા પક્ષકારો ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે કાયમી થવા માટે માંગણી કરતા તેમજ હકકો આપવાની માંગણી કરતા પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારોને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપ્યા સિવાય કે ગુજરાત કૃષિ યુનીવર્સીટીએ તા.૧૧/૪/૨૦૦૨ ના રોજ ખાનગી સરકયુલર કાઢેલ તેમા કરેલ નિયમોનો પણ અમલ કરેલ નથી કે તે મુજબ પણ બીજા પક્ષકારોને કોઈ હકકો આપ્યા સિવાય તમામ કામદારોને તા.૧૬/૪/૨૦૦૩ ના રોજથી મૌખીક હુકમથી છુટા કરેલ છે અને બીજા પક્ષકારોનાથી નવા તેમજ કોન્ટ્રાકટરોના કામદારોને કામ આપતા હતા અને હાલમાં પણ આપે છે તે અંગે બીજા પક્ષકારોએ ડેપ્યુટી શ્રમ કમિશ્નર, અમદાવાદને તા.૧૮/૮/૨૦૦૩ ના રોજ ફરીયાદ પણ ઓલ ગુજરાત લાલ વાવટા કામદાર યુનીયન ધ્વારા કરેલ અને તેની તપાસ સરકારી શ્રમ અધિકારીશ્રી સાવલીયા સાહેબે કરી ''આઈ.ડી.એકટની કલમ–૯(એ) ના ભંગની નોટીસ આપી બીજા પક્ષકારોને કામ ઉપર રાખવનું જણાવેલ પણ કામ ઉપર રાખેલ નથી તેથી શ્રમ કમિશ્નરની કચેરીમાં પુન:સ્થાપનાની ફરીયાદ કરેલ ત્યાં પણ સંસ્થાના જવાબદાર અધિકારીશ્રી પટેલ સાહેબ હાજર થયેલ અને ત્યાં પણ મદદનીશ શ્રમ કમિશ્નરશ્રીએ તેમને સમજાવેલ કે તમો કોન્ટ્રાકટરના કામદારો રાખો છો તેના બદલે તમારા જુના વર્ષો પુરાના કામદારોને કામ ઉપર રાખી લો પરંતુ પ્રથમ પક્ષકાર સંસ્થા ના જવાબદાર અધિકારીએ બીજા પક્ષકારોને કામ ઉપર રાખવાની સ્પષ્ટ ના પાડેલ આથી હાલનો રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત કરી દાદ માંગે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને નીચે મુજબના શેડયુલમાં...

–: શેડયુલ:–

સંસ્થા:–ગુજરાત કૃષિ યુનીવર્સીટી, ફળ સંશોધન કેન્દ્ર, તા.દહેગામ, જિ.ગાંધીનગર

| અ.નુ. | કામદારનું નામ | નોકરીના વર્ષ | ઉંમર વર્ષ | મળતો પગાર દૈનિક | છુટા કર્યા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | બદાજી સોમાજી પરમાર | ૧૯૮૮ થી ૧૪ વર્ષ | ૩૦ | ૪૦–૦૦ | ૧૬/૪/૨૦૦૩ |
| ૨ | બાદરજી જવાજી પરમાર | ૧૯૮૯ થી ૧૩ વર્ષ | ૩૩ | ૪૦–૦૦ | ૧૬/૪/૨૦૦૩ |
| ૩ | પરમાર કાનજીભાઈ અંબાલાલ | ૧૯૯૦ થી ૧૨ વર્ષ | ૩૪ | ૪૦–૦૦ | ૧૬/૪/૨૦૦૩ |
| ૪ | વિષ્ણુજી પ્રતાપજી | ૧૯૯૩ થી ૧૦ વર્ષ | ૨૯ | ૪૦–૦૦ | ૧૬/૪/૨૦૦૩ |
| ૫ | મંગાજી કુલાજી | ૧૯૯૬ થી ૭ વર્ષ | ૨૭ | ૪૦–૦૦ | ૧૬/૪/૨૦૦૩ |

જણાવેલ તા.૧૬/૪/૨૦૦૩ ના રોજથી કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય કે સંસ્થાના સરકયુર મુજબ કોઈ હકકો આપ્યા સિવાય મૌખીક હુકમથી છુટા કરવાના

હુકમને ગેરકાયદેસર ઠરાવી તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસના પગાર સાથે સળંગ નોકરીથી આનુશાંગિક લાભો સાથે પુન: સ્થાપિત કરે તેવો હુકમ કરવા તથા રેફરન્સ ખર્ચના રૂા.૨૦૦૦/– અપાવવા અરજ કરેલ છે

**૨.** આંક–૫ થી બીજા પક્ષકારો – કામદારો તરફે અધિકાર પત્ર રજુ થયેલ છે. આંક–૬ થી બીજા પક્ષકારોના વિ. પ્રતિનિધિશ્રી દ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાનો જવાબનો હકક બંધ કરી આ કેસમાં આગળની કાર્યવાહી કરવા અરજ કરેલ છે.

**૩.** આંક–૭ થી બીજા પક્ષકારો–કામદારો તરફે નીચે મુજબના દસ્તાવેજો રજુ થયેલ છે. જે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

| ક્રમ | દસ્તાવેજનું નામ | નિશાની |
|---|---|---|
| ૧ | સંસ્થાને માંગણાનું નિવેદન તા.૧૬/૨/૦૪ ના રોજ રજી. એ.ડી. દ્વારા મોકલેલ જે તેવોને મળી ગયેલ તેનુ ઓરીજનલ એકનોલેજમેન્ટ. | ૭/૧ |
| ૨ | યુનીયને તા.૧૮/૮/૦૬ ના રોજ ડે.કમિશ્નરને ફરીયાદ આપેલ કે ચાલુ કામદારને છુટા કરી નવા કામદોને કામ ઉપર રાખેલ તેની નકલ. | ૭/૨ |
| ૩ | યુનીયને તા.૧૮/૮/૦૩ ના રોજ આપેલ ફરીયાદનો જવાબ ૧૨–જુલાઈ,૨૦૦૪ ના રોજ સરકારી શ્રમ અધિકારીએ આપેલ કે સંસ્થામાં કોન્ટ્રાકટથી કામ ચાલે તે જવાબ ઓરીજનલ. | ૭/૩ |
| ૪ | પ્રતિ, કેન્દ્ર નિયામકશ્રી, ગુજરાત કૃષિ યુનીવર્સીટી, સરદાર કૃષિ નગરનો તા.૧૧ /૪/૦૨ નો ખાનગી સરકયુલરની નકલ. | ૭/૪ |

આંક–૮ તા.૧૭/૪/૦૬ થી બીજા પક્ષકારોના પ્રતિનિધિશ્રી દ્વારા પુરશીશ આપે જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસ બજેલ અને માંગણાનુ નિવેદન મોકલી આપેલ હોવા છતાં જવાબ રજુ કરતા ન હોઈ ન્યાયના હિતમાં જવાબનો હકક બંધ કરવા અરજ કરેલ જે મંજુર કરવામાં આવેલ છે.

આંક–૯ તા.૨૨/૧૨/૧૪ થી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકાર કામદારનો મૌખીક પુરાવાનો હકક બંધ કરવા અરજ કરેલ છે. જે મંજુર કરવામાં આવેલ છે. આંક–૧૦ તા.૨૨/૧૨/૧૪ ની પુરશીશથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ જાહેર કરેલ છે કે બીજા પક્ષકાર દ્વારા કોઈ મૌખીક પુરાવો લીધેલ ન હોઈ તે સંજોગોમાં તેઓનો મૌખીક પુરાવાનો લેવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે, જે રેકર્ડે લેવામાં આવેલ છે.

આંક–૧૧ તા.૧૯/૧/૨૦૧૫ ના રોજ નામ.અદાલત દ્વારા હુકમ પસાર કરેલ છે અને બીજા પક્ષકાર કામદારોનો રેફરન્સ નામંજુર કરેલ છે. રેકર્ડ ધ્યાને લેતા બીજા પક્ષકારો તરફથી પરચુરણ અરજી દાખલ કરેલી જેમાં થયેલ હુકમ મુજબ આ કામ ફરીથી ગુણદોષ ઉપર તા.૨૫/૧/૧૬ ના રોજ ચાલવા માટે આવેલ.

**૪.** આંક–૧૪ તા.૨૮/૦૯/૨૦૧૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા બીજા પક્ષકારો–કામદારોના માંગણાના નિવેદનનો લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે,

બીજા પક્ષકારો – કામદારોના માંગણાના નિવેદનની તમામ હકીકતો ખોટી અને ઉપજાવી

કાઢેલ તથા નામ. અદાલતને ગેરમાર્ગે દોરનારી છે. બીજા પક્ષકારો કામદારોને આ કે આવો રેફરન્સ કરવાનો કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી, અત્રેની ના.અદાલતને આ કે આવો રેફરન્સ ચલાવવાની કોઈ કાયદેસરની હુકમત નથી. ના.મજુર કમિશ્નરશ્રીએ કાયદેસર રેફરન્સ કરેલ નથી, જેથી આ રેફરન્સ કોમ્પીટન્ટ નથી. વધુમાં પ્રથમ પક્ષકારે પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે સંબંધિત કામદારોને તેઓએ કયારેય પણ નોકરીમાંથી છુટા કરેલ નથી. જયારે સંબંધીત કામદારોને સંસ્થાએ છુટા કરેલ ન હોય તેવા સંજોગોમાં કોઈ જ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થતો નથી અને જયારે કોઈ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થતો ન હોઈ એવા સંજોગોમાં આવા પ્રકારનો રેફરન્સ પ્રથમ પક્ષકાર સંસ્થાની સામે કરવાનો કે રેફરન્સ કર્યા બાદ આવા પ્રકારની દાદ માંગવાનો પ્રશ્નજ ઉપસ્થિત થતો ન હોઈ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ પ્રથામિક મુદ્દો ઉપસ્થિત કરેલ છે કે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં તેઓને તા.૧૬/૪/૦૩ ના રોજથી નોકરીમાંથી મૌખીક હુકમથી છુટા કર્યાનુ જણાવેલ છે અને તે તારીખથી કોઝ ઓફ એકશન ઉપસ્થિત થયાનું જણાવેલ છે. હકીકતમાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ સુધી કામ કરેલ જ ન હોઈ તે તારીખથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી જેથી તા.૧૬/૩/૦૩ ના રોજ કોઈ કોઝ ઓફ એકેશન ઉપસ્થિત થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તે સંજોગોમાં બીજા પક્ષકાર કામદારનો હાલનો વિવાદ આ પ્રાથમિક મુદ્દા ઉપર જ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે, આ લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ્યા સિવાયની બીજા પક્ષકારના માંગણાના નિવેદનની તમામ હકીકતો ખરી નથી અને તે પ્રથમ પક્ષકાર સંસ્થાને કબુલ મંજુર નથી અને વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા-૧ ની હકીકત ખરી નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થાને તે કબુલ મંજુર નથી. એ હકીકત પણ ખરી નથી કે શેડયુલમાં જણાવેલ બીજા પક્ષકારો-કામદારો ઘણાં જ લાંબા સમયથી ગુજરાત કૃષિ યુનિવર્સીટી, ફળ સંશોધન કેન્દ્રમાં કાયમી કામદાર તરીકે કામ કરતા હતા, તેઓને દરરોજ કામ મળતુ હતુ, પરંતુ સંસ્થાવાળા તેઓની હાજરી અલગ અલગ નામથી અલગ અલગ દિવસે પૂરતા હતા, બીજા પક્ષકારો - કામદારોને કાયમી કરવા ન પડે તેવો બદઈરાદો રાખતા હતા, સંસ્થાવાળા પાસે કાયમી થવા માટે માંગણી કરતા હતા તેમજ હકકો આપવાની માંગણી કરતા સંસ્થાએ તેઓને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપ્યા સિવાય કે ગુજરાત કૃષિ યુનિવર્સીટીએ તા.૧૧ /૪/૨૦૦૩ ના રોજ ખાનગી સરકયુલર કાઢેલ તેમાં કરેલ નિયમોનો પણ અમલ કરેલ નથી કે તે મુજબ પણ તેઓને કોઈ હકકો આપ્યા સિવાય તમામ કામદારોને સરદહુ તારીખથી મૌખીક હુકમથી છુટા કરેલ અને તેમની જગાએ નવા કોન્ટ્રાકટરના કામદારોને કામ આપતા હતા અને હાલમાં પણ આપે છે. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે તે અંગે તેઓને શ્રી ડે.મજુર કમિશ્નર, અમદાવાદનાએ તા.૧૮/૮/૨૦૦૩ ના રોજ ફરીયાદ પણ ઓલ ગુજરાત લાલવાવટા કામદાર યુનીયન ઘ્વારા કરેલ અને તેની તપાસ સરકારી મજુર અધિકારી શ્રી સાવલીયા સાહેબે કરી

આઈ.ડી.એકટની કલમ–૯(એ)ના ભંગની નોટીસ આપી તેઓને કામ ઉપર રાખવાનું જણાવેલ, તેમ છતાં સંસ્થાએ કામ ઉપર રાખેલ નથી તેમજ મજુર કમિશ્નરશ્રીની કચેરીમાં પુન:સ્થાપનની ફરીયાદ કરેલ, ત્યાં પણ સંસ્થાના જવાબદાર અધિકારી શ્રી પટેલ સાહેબ હાજર થયેલ અને ત્યાં પણ મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ તેમને સમજાવેલ કે તમો કોન્ટ્રાકટરના કામદારો રાખો છો, તેના બદલે તમારા જુના વર્ષો પુરાણા કામદારોને કામ ઉપર રાખી લો, પણ સંસ્થા દ્વારા તેનો અમલ ન થતાં હાલનો રેફરન્સ કરેલ છે.

વધુમાં કેસની સત્ય હકીકતે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાને શૈક્ષણિક સંસ્થા છે તેનો હેતુ વિદ્યાર્થીઓને આધુનિક વૈજ્ઞાનિક ધોરણે શિક્ષણ અને તાલીમ આપવાનો છે, તેમાં સીઝનલ પ્રકારની ખેતીવાડીને લગતી કામગીરી કરવામાં આવે છે. સંસ્થાનું તા.૧/૫/૨૦૦૪ ના રોજથી વિસર્જન કરવામાં આવેલ છે તેની જગ્યાએ સરદાર કૃષિનગર, દાંતીવાડા, કૃષિ યુનીવર્સીટી અસ્તિત્વમાં આવેલ છે. સંસ્થાને રાજય સરકાર તરફથી ગ્રાન્ટ ઈન એઈડ કોડ હેઠળ સમાવી લેવાય છે, તે મુજબ ૧૦૦ % અનુદાનિત છે જેનો આવકનો કોઈ સ્ત્રોત નથી. એકંદરે સરકારી સંસ્થામાં તેમના કર્મચારીઓને જે પ્રમાણેના લાભો , હકકો અને સવલતો આપવામાં આવે છે તેવી સગવડો સંસ્થાના કાયમી કર્મચારીઓને આપવામાં આવે છે. નામ. ગુજરાત સરકારશ્રી ખેત મજુર માટેના લઘુત્તમ વેતન વખતો વખત બહાર પડે છે તે મુજબ સંસ્થાના કામદારોને આપે છે, સંસ્થામાં વિશાળ સંખ્યામાં આવા રોજમદાર કામદારો કામ કરતા હોય છે તેઓને સરકારશ્રીએ નકકી કર્યા મુજબ દૈનિક રોજ–દૈનિક વેતન આપવામાં આવે છે તથા સંબંધીત કામદારો પૈકી શ્રી બદાજી સોમાજી પરમાર તા.૨૭/૬/૮૮, બાદરજી જવાનજી પરમાર તા.૧૭/૪/૯૪, કાનજીભાઈ અંબાલાલ પરમાર તા.૩/૧૦/૯૫ વિષ્ણુજી પ્રતાપજી તા.૧/૬/૯૫ તથા મંગાજી કુલાજી તા.૧/૪/૯૬ ના રોજ રોજમદાર કામદાર તરીકે નોકરીમાં દાખલ થયેલા હતા. આ કામદારોએ કોઈપણ વરસમાં ૨૪૦ દિવસ પુરુ કામ કરેલ નથી અને આ કામદારો સીનીયોરીટી મુજબ ખુબજ જુનીયર કામદાર હતા. તેમાંથી બદાજી સોમાજીએ તા.૭/૭/૦૩, કાનાજીએ તા.૬/૪/૦૩ અને બાકીના કામદારોએ તા.૧૦/૪/૦૩ ના રોજથી તેમની સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનું બંધ કરેલ. આમ જયારે કામદારોએ સ્વેચ્છાએ ગેરહાજર રહેવાને કારણે સંસ્થાની જે સીઝનલ પ્રકારની કામગીરી હતી તેના ઉપર વિપરીત અસર પડતી હતી. જેના કારણે સંસ્થાએ બીજા પક્ષકારોની ગેરહાજર રહેતા કોન્ટ્રાકટ દ્વારા કામ આપવાનું નકકી કરેલ અને તે અંગેની નોટીસ તા.૨૪/૬/૦૩ ના રોજ નોટીસ બોર્ડ ઉપર મુકી સંબંધીત કામદારોને કોન્ટ્રાકટ મુજબ કામ કરવાનું જણાવવામાં આવેલ તથા રૂબરૂમાં જઈને કોન્ટ્રાકટ પધ્ધતિ મુજબ કામ કરવાનું જણાવવામાં આવતા તેઓએ તે સ્વીકારવાની ના પાડેલ હતી અને સંસ્થાની કામની જરૂરત લક્ષમાં રાખીને જે તે સમયે કામ પુરુ થવુ જરૂરી હોઈ, જો તેમ કરવામાં ન આવે તો જે સંશોધન અંગેની કામગીરી છે તેમાં જે અખતરા કરવામાં આવતા હોય તે તમામ નિષ્ફળ જાય તેમ હોય જો કામદારો સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ જાય તો સંસ્થાની

કામગીરીને ખલેલ પહોંચે જેથી તમામ પાસાઓને લક્ષમાં રાખી અને કોન્ટ્રાકટ પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ. પરંતુ સંબંધીત કામદારોએ તે બાબત સ્વીકારેલ નહોતી. આમ, સમય અને સંજોગો જોઈને સંસ્થાએ આ પગલુ ભરેલ છે, જેમાં સંસ્થા તરફથી કોઈ કાયદાનો ભંગ કરેલ ન હોવાનુ જણાવુલ છે. વધુમાં કામદારોને એમ પણ જણાવેલ કે કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ કરવામાં આવે ત્યારે પણ કોઈપણ સંજોગોમાં મીનીમમ વેજીસ કરતા ઓછી રકમ તેઓને ન મળે તે પણ જોવામાં આવશે અને આ સઘળી બાબતો લક્ષમાં લીધા બાદ પણ કામદારોએ કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ ઉપર આવવાનું સ્વીકારેલ ન હતુ. જેના કારણે સંસ્થાએ વૈકલ્પિક વ્યવસ્થા કરીને બીજી વ્યકિતઓને કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ આપવામાં આવેલ. આમ, આ તમામ સંબંધિત કામદારો તેઓની સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલ હોઈ સદર રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર હોવાનું જણાવી ઉપરોકત તમામ હકીકતો ઘ્યોને લેતા બીજા પક્ષકારો–કામદારોનો આ રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે.

**પ.** આંક–૧૫ થી ૧૯ સુધી બીજા પક્ષકારો – કામદારોનું જુબાની સ્વરૂપે સોગંદનામુ રજુ થયેલ છે. જેઓની ઉલટ તપાસ આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ. પ્રતિનિધિશ્રી ધ્વારા કરવામાં આવેલ છે.

**૬.** આ કામેબીજા પક્ષકાર ધ્વારા આંક–૨૦ ના દસ્તાવેજી લીસ્ટથી એક દસ્તાવેજ રજુ કરેલ છે નિ.૨૦/૧ સ્પે.સી.એ.નં.૧૨૯૬૧/૨૦૦૦ જે પરમાર અંબાલાલ સોમાજી અને ૨૨ કામદારોએ ગુજરાત યુનીવર્સીટી સામે ગુજરાત હાઈકોર્ટમાં ફાઈલ કરેલ તેમાં હાઈકોર્ટે આપેલ જજમેન્ટની નકલ રજુ કરેલ છે.

આ કામમાં બીજા પક્ષકાર ધ્વારા આંક–૨૧ ના દસ્તાવેજી લીસ્ટથી એક દસ્તાવેજ રજુ કરેલ છે જે નીચે મુજબ છે. નિ.૨૧/૧ ગુજરાત કૃષિ યુનીવર્સીટી, દહેગામના આ પાંચ કામદારો સાથે બીજા એક કામદારને છુટા કરેલ તેના રેફરન્સ ટી. નં.૧૬૦/૦૪ જે અન્ય સાહેબ સમક્ષ ચાલે છે તેમાં સંસ્થાના શ્રી જયેશભાઈ રમણીકભાઈ વડોદરીયાએ આંક–૨૦ રજુ કરેલ જુબાનીના સોગંદનામા લગત આપેલ ઉલટ તપાસની સર્ટીફાઈડ નકલ જેમાં સંસ્થાએ સ્વીકારેલ છે કે આ કામદારોને છુટા કરીને ૭ થી ૮ માણસોથી કોન્ટ્રાકટથી કામ ચલાવે છે અને તેમનાથી નવા માણસો પહેલા પણ કામ કરતા હતા અને અત્યારે પણ કામ કરે છે.

આ કામમાં બીજા પક્ષકાર તરફથી આંક–૨૨ ના દસ્તાવેજી લીસ્ટથી ૩ દસ્તાવેજો રજુ કરેલા છે જે નીચે મુજબ છે. નિ.૨૨/૧ એસ.પી.રાઠોડ, સહ સંશોધન વૈજ્ઞાનિક ફળ સંશોધન કેન્દ્ર દહેગામે તા.૬/૩/૧૭ ના રોજ પરમાર વિષ્ણુભાઈ પ્રતાપજીને પહેલીવાર કામ ઉપર બોલાવવાનો પત્ર લખેલ તેની નકલ, નિ.૨૨/૨ ઉપરોકત પત્રનો જવાબ તા.૧૦/૩/૧૮ ના રોજ રજી.એ.ડી. ધ્વારા મોકલેલ કે અમો કામ ઉપર ચઢવા અમારી મુળ જગ્યાએ તૈયાર છે તેની નકલ, નિ.૨૨/૩ રજી.

એ.ડી. કરેલ તે પહોંચની નકલ રજુ કરેલ છે.

આંક–૨૩ થી બીજા પક્ષકાર તરફે સાક્ષી પુરાવો બંધ કરતા હોવાનુ જાહેર કરેલ છે. આંક–૨૪ થી પ્રથમ પક્ષકાર તરફે મુદત અરજી આપવામાં આવેલ છે જે મંજુર કરવામાં આવેલ છે.

**૬.** આ કામે આંક–૨૫ ના દસ્તાવેજી લીસ્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા ૪ દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

(૧) ૨૫/૧ સંબંધીત કામદારોને વર્ષવાર હાજરીમાં દિવસોના સ્ટેટમેન્ટની ખરી નકલ.

(૨) ૨૫/૨ ઉપરોકત સંસ્થાના તા.૧/૪/૦૩ થી ૩૧/૮/૦૩ સુધીના હાજરી પત્રકની ખરી નકલ.

(૩) ૨૫/૩ સંસ્થાએ તા.૨૦/૧૦/૦૩ ના રોજ મ.મજુર કમિશ્નરશ્રી સમક્ષ આપેલ લેખીત જવાબની નકલ.

(૪) ૨૫/૪ સંબંધીત કામદારોએ ના.મજુર અદાલત સમક્ષ કરેલ પરચુરણ અરજી નં.૧૦૬/૧૫ ના હુકમની નકલ રજુ કરેલ છે.

આંક–૨૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે શ્રી જયેનભાઈ રમણીકલાલ વડોદરીયા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકનું જુબાની સ્વરૂપનું સોગંદનામુ રજુ થયેલ છે. જેઓની ઉલટ તપાસ આ કામના બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રી ધ્વારા કરવામાં આવેલી છે

આંક–૨૭, ૨૮ અને ૨૯ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે મુદત માંગતા મંજુર કરવામાં આવેલ છે. આ કામે રેકર્ડ ધ્યાને લેતા આંક–૨૮ નુ ડુપ્લીકેશન થયેલુ હોવાથી હુકમના તબકકે તા.૧/૮/૧૮ ના રોજ સંસ્થા ધ્વારા રજુ કરવામાં આવેલી અરજીને આંક–૨૮–એ આપવામાં આવે છે.

આંક–૩૦ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વધુ મૌખીક પુરાવો લેવા માંગતા ન હોઈ મૌખીક પુરાવાનો હકક બંધ જાહેર કરેલ છે.

આંક–૩૧ થી બીજા પક્ષકાર તથા આંક–૩૬ પ્રથમ પક્ષકાર તરફે લેખીત દલીલો રજુ કરેલ છે જે મારા ધ્વારા વંચાણે લેવામાં આવેલી છે.

**૭.** આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેઓની લેખીત દલીલના સમર્થનમાં ના.સુપ્રીમ કોર્ટના ચુકાદા રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

૧. સને ૨૦૧૪ (૨) ના.સુપ્રીમ કોર્ટ, એલસીસી એલએનએસ ૧૮૪ દીપાલી ગુન્ડુ વર્સીસ કાંતી જુનીયર અધ્યાપક મહાવિદ્યાલય અને અનધર્સ.

૨. ના.સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયા સને ૨૦૧૨ ક્રિશ્નકાંત બી. પરમાર વિ. યુનીયન ઓફ ઈન્ડીયા.

૮. આંક–૩૭ થી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે નીચે મુજબના ના.એપેક્ષ કોર્ટના ચુકાદાઓ રજુ કરેલ છે.

| ક્રમ | ચુકાદાની વિગત |
|---|---|
| ૧ | સને ૧૯૯૭ (૨) સી.એલ.આર. પાના નં.૧૫(ના.સુપ્રીમ કોર્ટ) હિમાંશુકુમાર વિદ્યાર્થી એન્ડ અધર્સ વિ. સ્ટેટ ઓફ બિહાર એન્ડ અધર્સ. |
| ૨ | સને ૨૦૦૬ એલ.એલ.આર. પાના નં.૯૪૭(ના.સુપ્રીમ કોર્ટ) એચ.યુ.ડી.એ. વિરૂધ્ધ જગમલ સીંગ. |
| ૩ | સને ૨૦૦૫ એલ.એલ.આર. પાના નં.૮૪૯(ના.સુપ્રીમ કોર્ટ) મેનેજર, હરીયાણા રોડ વેઝ વિ. સુધાન સીંગ. |
| ૪ | સને ૨૦૦૬(૧) સી.એલ.આર. પાના નં.૨૩(ના.સુપ્રીમ કોર્ટ) બટાલા કો.ઓ.સુગર મીલ્સ લી. વિ. સોવારણ સીંગ. |
| ૫ | સને ૨૦૦૬ એલ.એલ.આર. પાના નં.૨૩(ના.ગુજરાત હાઈકોર્ટ) મહેસાણા ડીસ્ટ્રીકટ કો.ઓપ. મીલ્ક પ્રોડયુસર યુનીયન લી. વિ. લવજીભાઈ નારસંગભાઈ ચૌધરી. |
| ૬ | સને ૨૦૦૬(૧) એલ.એલ.જે. પાના નં.૨૧૩(ના.ગુજરાત હાઈકોર્ટ) એકઝીકયુટીવ એન્જીનીયર વિ. ચેતન પી. ઓઝા. |
| ૭ | સને ૨૦૦૭ એલ.એલ.આર. પાના નં.૫૪૪(ના.બોમ્બે હાઈકોર્ટ) ખાશબા કે. જાદવ વિ. એસ.એચ.કેલકર એન્ડ કંપની એન્ડ અનધર. |
| ૮ | સને ૨૦૦૯ એલ.એલ.આર. પાના નં.૫૨૧(ના. ગુજરાત હાઈકોર્ટ) બેચરભાઈ નારણભાઈ વિ. એકઝીકયુટીવ એન્જીનીયર. |
| ૯. | સને ૨૦૧૧(૩) એલ.એલ.જે. પાના નં.૧૦૬(ના.ગુજરાત હાઈકોર્ટ) રણછોડભાઈ નાનાભાઈ પરમાર વિ. મેનેજીંગ ડાયરેકટર ઓફ ધી કોર્પોરેશન. |
| ૧૦ | સને ૨૦૧૪ એલ.એલ.આર. પાના નં.૮૪(ના.ગુજરાત હાઈકોર્ટ) ગુજરાત વિદ્યુત બોર્ડ એન્ડ અનધર વિ. મહાવીરસિંહ ટપુભા ગોહિલ એન્ડ અનધર. |
| ૧૧ | સને ૨૦૧૭ એલ.એલ.આર. પાના નં.૬૮૪(ના.દિલ્હી હાઈકોર્ટ) સુરેશ પાલ વિ. મેનેજમેન્ટ ઓફ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી. |
| ૧૨ | સને ૧૯૯૬(૨) એલ.એલ.જે. પાના નં.૭૨૦(ના. સુપ્રીમ કોર્ટ) સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા વિ. પ્રિસાઈડીંગ ઓફીસર એન્ડ અનધર. |
| ૧૩ | સને ૨૦૦૩ એલ.એલ.આર. પાના નં.૫(ના.બોમ્બે હાઈકોર્ટ) સોનલ ગારમેન્ટ વિ. ત્રિમ્બક શંકર કાર્વે. |

૯. આ કામમાં પક્ષકારોના પક્ષનિવેદનો, બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલે લેખીત મૌખીક પુરાવા તથાબંને પક્ષકારોની રજુ કરવામાં આવેલ લેખીત – મૌખીક રજુઆતો ધ્યાને લેતા મારા ન્યાય નિર્ણય માટે નીચેના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

૧. શુ બીજા પક્ષકારો પુરવાર કરે છે કે તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તા૧૬/૪/૦૩ ના રોજ ગેરકાયદેસર અને ગેરવાજબી રીતે છુટા કરી દિધેલ છે?

૨. શુ બીજા પક્ષકારે રેફરન્સની અનુસુચીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ?

**૧૦.** આ કામમાં સમગ્ર કેસનુ રેકર્ડ મારા ધ્વારા વંચાણે લેવામાં આવેલુ છે આ કામે બંને પક્ષકારો તરફથી તેઓની રજુઆતના સમર્થનમાં ના.એપેક્ષ કોર્ટના ચુકાદાઓ રજુ કરેલ છે હું સદર ચુકાદાઓને વાંચી ગયેલ છુ અને સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોનો હું નમૂતા પૂર્વક સ્વીકાર કરુ છે.

આ કામમાં બીજા પક્ષકારો ધ્વારા તા.૨૦/૫/૦૪ ના રોજ માંગણાનુ નિવેદન રજુ કરીને તેઓ ઘણા લાબા સમયથી ગુજરાત કૃષી યુનીવર્સીટી ફળ સંશોધન કેન્દ્રમાં કાયમી કામદાર તરીકે કામ કરતા હતા અને સંસ્થામાં તેઓને દરરોજ કામ મળતુ હતુ પરંતુ સંસ્થા ધ્વારા તેઓની હાજરી અલગ અલગ નામથી અલગ અલગ દિવસે ભરતા અને તેઓની કાયમી ન કરવા પડે તેવો બદ ઈરાદો રાખતા હતા સંસ્થા વાળા પાસે કાયમી થવાની માંગણી કરતા તેમજ હકકો આપવાની માંગણી કરતા કાયદેસરની કાર્યાહી કર્યા સિવાય તા.૧૧/૪/૦૨ ના રોજ ખાનગી સરકયુલર કાઢેલ અને તેમાં કરેલ નીયમોનો પણ અમલ કરેલ નથી કે તે મુજબ તેઓને કોઈ હકકો આપ્યા સીવાય તમામ કામદારોને તા.૧૬/૪/૦૩ ના રોજથી મૌખીક હુકમથી છુટા કરી દીધેલા છે. અને આ કામદારોને શીડયુલમાં જણાવેલ નોકરીના વર્ષ થી સંસ્થાનુ કામ કરેલુ છે અને તેઓને છુટા કરતા તેઓએ મજુર કમીશ્નરશ્રી સમક્ષ ફરીયાદ કરેલી તેમાં સંસ્થા તરફથી શ્રી પટેલ સાહેબ હાજર થયેલ ત્યાં પણ મજુર કમીશ્નર સમક્ષ તેઓને સમજાવેલ કે તમો કોન્ટ્રાકટર ના કામદારો રાખો છો તેના બદલે જુના વર્ષો પુરાણા કામદારોને કામ ઉપર રાખી લો પરંતુ સંસ્થાના જવાબદાર અધીકારીએ તેઓને કામ ઉપર રાખવાનુ સ્પષ્ટ ના પાડીને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકારોને શીડયુલમાં જણાવેલ તા.૧ ૬/૪/૦૩ ના રોજથી કોઈપણ જાતની કાયદેસરની કાર્યવાહી કર્યા સીવાય સંસ્થાના સરકયુલર મુજબ કોઈ હકકો આપ્પ્યા સીવાય મૌખીક હુકમથી છુટા કરવાના હુકમને ગેરકાયદેસર ઠરાવીને તેઓને મુળ જગાએ પડેલા દિવસોના પગાર સાથે સળંગ નોકરીથી આનુશાંગીલ લાભો સાથે પુન:સ્થાપિત કરવાની વિનંતી કરેલ છે. આ કામે બીજા પક્ષકાર બદાજી સોમાજી શેડયુલમાં તેમના નોકરીના વર્ષો ૧૪–બાદરજી જવાનજી નોકરીના વષો ૧૩– કાનજીભાઈ અંબાલાલ નોકરીના વર્ષો ૧૨ તથા વિષ્ણુજી પ્રતાજીએ નોકરીના વર્ષોમાં ૧૦ તથા મંગાજી કુલાજીએ નોકરીના વર્ષોમાં–૭ જણાવેલા છે.

આ કામે રેકર્ડ ઘ્યાને લેતા બીજા પક્ષકારોની ગેરહાજરીના કારણે મારા અગાઉના વિ.ન્યાયાધીશ ધ્વારા તા.૧૮/૧/૧૫ ના રોજ બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરતો હુકમ પસાર કરેલ ત્યારબાદ બીજા પક્ષકારો ધ્વારા પરચુરણ અરજી ૧૦૬/૧૫ દાખલ કરેલી અને તેમાં થયેલ હુકમ મુજબ તા.૨૫/૧/૧૬ ના હુકમ મુજબ સદરહુ કામ ફરીથી ગુણદોષ ઉપર ચાલવા માટે આવેલુ છે.

આ કામે રેકર્ડ ઘ્યાને લેતા બીજા પક્ષકાર ધ્વારા આંક ૭ ના દસ્તાવેજી લીસ્ટથી ૪, આંક–૨૦ ના દસ્તાવેજી લીસ્ટથી ૧ અને આંક–૨૧ ના દસ્તાવેજી લીસ્ટ થી ૧ અને આંક–૨૨ ના દસ્તાવેજી લીસ્ટથી ૩ દસ્તાવેજ રજુ કરેલ છે આ કામમાં બીજા પક્ષકાર શ્રી મંગાજી ડાભીએ આંક ૧૫ થી,

કાનાજી અંબાલાલ પરમાર આંક–૧૬, પરમાર વિષ્ણુજીએ આંક ૧૭, પરમાર બાદરજી જવાનજી આંક ૧૮ થી તેઓનુ તથા પરમાર બદાજી સોમાજીએ આંક ૧૯ થી તેઓની સોગંદ પરની જુબાની આપેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક ૧૪ થી તેઓનો લેખીત જવાબ રજુ કરવામાં આવેલો છે અને તેમાં જણાવેલ છે કે બીજા પક્ષકારો – કામદારોના માંગણાના નિવેદનની તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ તથા નામ. અદાલતને ગેરમાર્ગે દોરનારી છે. બીજા પક્ષકારો કામદારોને આ કે આવો રેફરન્સ કરવાનો કોઈ કાયદેસરનો હકક કે અધિકાર નથી, અત્રેની નામ. અદાલતને આ કે આવો રેફરન્સ ચલાવવાની કોઈ કાયદેસરની હુકમત નથી. નામે મજુર કમિશ્નરશ્રીએ કાયદેસર રેફરન્સ કરેલ નથી, જેથી આ રેફરન્સ કોમ્પીટન્ટ નથી. વધુમાં પ્રથમ પક્ષકારે પ્રાથમિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે સંબંધિત કામદારોને તેઓએ કયારેય પણ નોકરીમાંથી છુટા કરેલ નથી. જયારે સંબંધીત કામદારોને સંસ્થાએ છુટા કરેલ ન હોય તેવા સંજોગોમાં કોઈ જ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થતો નથી અને જયારે કોઈ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત થતો ન હોઈ એવા સંજોગોમાં આવા પ્રકારનો રેફરન્સ પ્રથમ પક્ષકાર સંસ્થાની સામે કરવાનો કે રેફરન્સ કર્યા બાદ આવા પ્રકારની દાદ માંગવાનો પ્રશ્નજ ઉપસ્થિત થતો ન હોઈ આ રેફરન્સ રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ પ્રથામિક મુદૃો ઉપસ્થિત કરેલ છે કે બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં તેઓને તા.૧૬/૪/૦૩ ના રોજથી નોકરીમાંથી મૌખીક હુકમથી છુટા કર્યાનુ જણાવેલ છે અને તે તારીખથી કોઝ ઓફ એકશન ઉપસ્થિત થયાનું જણાવેલ છે. હકીકતમાં બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ સુધી કામ કરેલ જ ન હોઈ તે તારીખથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી જેથી તા.૧૬/૩/૦૩ ના રોજ કોઈ કોઝ ઓફ એકેશન ઉપસ્થિત થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તે સંજોગોમાં બીજા પક્ષકાર કામદારનો હાલનો વિવાદ આ પ્રાથમિક મુદૃા ઉપર જ રદ થવાને પાત્ર છે. વધુમાં જણાવેલ છે કે, આ લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ્યા સિવાયની બીજા પક્ષકારના માંગણાના નિવેદનની તમામ હકીકતો ખરી નથી અને તે પ્રથમ પક્ષકાર સંસ્થાને કબુલ મંજુર નથી અને વધુમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા–૧ ની હકીકત ખરી નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થા સંસ્થાને તે કબુલ મંજુર નથી. એ હકીકત પણ ખરી નથી કે બીજા પક્ષકારો–કામદારો ઘણાં જ લાંબા સમયથી ગુજરાત કૃષિ યુનિવર્સીટી, ફળ સંશોધન કેન્દ્રમાં કાયમી કામદાર તરીકે કામ કરતા હતા, તેઓને દરરોજ કામ મળતુ હતુ, પરંતુ સંસ્થાવાળા તેઓની હાજરી અલગ અલગ નામથી અલગ અલગ દિવસે પૂરતા હતા, બીજા પક્ષકારો – કામદારોને કાયમી કરવા ન પડે તેવો બદઈરાદો રાખતા હતા, સંસ્થાવાળા પાસે કાયમી થવા માટે માંગણી કરતા હતા તેમજ હકકો આપવાની માંગણી કરતા સંસ્થાએ તેઓને કોઈપણ જાતની નોટીસ કે નોટીસ પગાર કે બેકારી વળતર આપ્યા સિવાય કે ગુજરાત કૃષિ યુનિવર્સીટીએ તા.૧૧/૪/૨૦૦૩ ના રોજ ખાનગી સરકયુલર કાઢેલ તેમાં કરેલ

નિયમોનો પણ અમલ કરેલ નથી કે તે મુજબ પણ તેઓને કોઈ હકકો આપ્યા સિવાય તમામ કામદારોને સરદહુ તારીખથી મૌખીક હુકમથી છુટા કરેલ અને તેમની જગાએ નવા કોન્ટ્રાકટરના કામદારોને કામ આપતા હતા અને હાલમાં પણ આપે છે. એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે તે અંગે તેઓને શ્રી ડે.મજુર કમિશ્નર, અમદાવાદનાએ તા.૧૮/૮/૨૦૦૩ ના રોજ ફરીયાદ પણ ઓલ ગુજરાત લાલવાવટા કામદાર યુનીયન ધ્વારા કરેલ અને તેની તપાસ સરકારી મજુર અધિકારી શ્રી સાવલીયા સાહેબે કરી આઈ.ડી.એકટની કલમ–૯(એ)ના ભંગની નોટીસ આપી તેઓને કામ ઉપર રાખવાનું જણાવેલ, તેમ છતાં સંસ્થાએ કામ ઉપર રાખેલ નથી તેમજ મજુર કમિશ્નરશ્રીની કચેરીમાં પુન:સ્થાપનની ફરીયાદ કરેલ, ત્યાં પણ સંસ્થાના જવાબદાર અધિકારી શ્રી પટેલ સાહેબ હાજર થયેલ અને ત્યાં પણ મદદનીશ મજુર કમિશ્નરે તેમને સમજાવેલ કે તમો કોન્ટ્રાકટરના કામદારો રાખો છો, તેના બદલે તમારા જુના વર્ષો પુરાણા કામદારોને કામ ઉપર રાખી લો, પણ સંસ્થા ધ્વારા તેનો અમલ ન થતાં હાલનો રેફરન્સ કરેલ છે.

વધુમાં કેસની સત્ય હકીકતે જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાને શૈક્ષણિક સંસ્થા છે તેનો હેતુ વિદ્યાર્થીઓને આધુનિક વૈજ્ઞાનિક ધોરણે શિક્ષણ અને તાલીમ આપવાનો છે, તેમાં સીઝનલ પ્રકારની ખેતીવાડીને લગતી કામગીરી કરવામાં આવે છે. સંસ્થાનું તા.૧/૫/૨૦૦૪ ના રોજથી વિસર્જન કરવામાં આવેલ છે તેની જગ્યાએ સરદાર કૃષિનગર, દાંતીવાડા, કૃષિ યુનીવર્સીટી અસ્તિત્વમાં આવેલ છે. સંસ્થાને રાજય સરકાર તરફથી ગ્રાન્ટ ઈન એઈડ કોડ હેઠડળ સમાવી લેવાય છે, તે મુજબ ૧૦૦ % અનુદાનિત છે જેનો આવકનો કોઈ સ્ત્રોત નથી. એકંદરે સરકારી સંસ્થામાં તેમના કર્મચારીઓને જે પ્રમાણેના લાભો , હકકો અને સવલતો આપવામાં આવે છે તેવી સગવડો સંસ્થાના કાયમી કર્મચારીઓને આપવામાં આવે છે. નામ. ગુજરાત સરકારશ્રી ખેત મજુર માટેના લઘુત્તમ વેતન વખતો વખત બહાર પડે છે તે મુજબ સંસ્થાના કામદારોને આપે છે, સંસ્થામાં વિશાળ સંખ્યામાં આવા રોજમદાર કામદારો કામ કરતા હોય છે તેઓને સરકારશ્રીએ નકકી કર્યા મુજબ દૈનિક રોજ–દૈનિક વેતન આપવામાં આવે છે તથા સંબંધીત કામદારો પૈકી શ્રી બદાજી સોમાજી પરમાર તા.૨૭/૬/૮૮, બાદરજી જવાનજી પરમાર તા.૧૭/૪/૯૪ કાનજીભાઈ અંબાલાલ પરમાર તા.૩/૧૦/૯૫, વિષ્ણુજી પ્રતાપજી તા.૧/૬/૯૫ તથા મંગાજી કુલાજી તા.૧/૪/૯૬ ના રોજ રોજમદાર તરીકે નોકરીમાં દાખલ થયા હતા આ કામદારોએ કયારેય કોઈપણ વરસમાં ૨૪૦ દિવસ પુરુ કામ કરેલ નથી અને આ કામદારો સીનીયોરીટી મુજબ ખુબજ જુનીયર કામદાર હતા. તેમાંથી બદાજી સોમાજીએ તા.૭/૭/૦૩, કાનાજીએ તા.૬/૪/૦૩ અને બાકીના કામદારોએ તા.૧૦/૪/૦૩ ના રોજથી તેમની સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનું બંધ કરેલ. આમ જયારે કામદારોએ સ્વેચ્છાએ ગેરહાજર રહેવાને કારણે સંસ્થાની જે સીઝનલ પ્રકારની કામગીરી હતી તેના ઉપર વિપરીત અસર પડતી હતી. જેના કારણે સંસ્થાએ બીજા પક્ષકારોની ગેરહાજર રહેતા કોન્ટ્રાકટ ધ્વારા કામ આપવાનું નકકી કરેલ અને તે અંગેની નોટીસ તા.૨૪/૬/૦૩ ના રોજ નોટીસ

બોર્ડ ઉપર મુકી સંબંધીત કામદારોને કોન્ટ્રાકટ મુજબ કામ કરવાનું જણાવવામાં આવેલ તથા રૂબરૂમાં જઈને કોન્ટ્રાકટ પધ્ધતિ મુજબ કામ કરવાનું જણાવવામાં આવતા તેઓએ તે સ્વીકારવાની ના પાડેલ હતી અને સંસ્થાની કામની જરૂરત લક્ષમાં રાખીને જે તે સમયે કામ પુરુ થવુ જરૂરી હોઈ, જો તેમ કરવામાં ન આવે તો જે સંશોધન અંગેની કામગીરી છે તેમાં જે અખતરા કરવામાં આવતા હોય તે તમામ નિષ્ફળ જાય તેમ હોય જો કામદારો સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ જાય તો સંસ્થાની કામગીરીને ખલેલ પહોંચે જેથી તમામ પાસાઓને લક્ષમાં રાખી અને કોન્ટ્રાકટ પધ્ધતિ અમલમાં મુકવામાં આવેલ. પરંતુ સંબંધીત કામદારોએ તે બાબત સ્વીકારેલ નહોતી. આમ, સમય અને સંજોગો જોઈને સંસ્થાએ આ પગલુ ભરેલ છે, જેમાં સંસ્થા તરફથી કોઈ કાયદાનો ભંગ કરેલ ન હોવાનુ જણાવુલ છે. વધુમાં કામદારોને એમ પણ જણાવેલ કે કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ કરવામાં આવે ત્યારે પણ કોઈપણ સંજોગોમાં મીનીમમ વેજીસ કરતા ઓછી રકમ તેઓને ન મળે તે પણ જોવામાં આવશે અને આ સઘળી બાબતો લક્ષમાં લીધા બાદ પણ કામદારોએ કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ ઉપર આવવાનું સ્વીકારેલ ન હતુ. જેના કારણે સંસ્થાએ વૈકલ્પિક વ્યવસ્થા કરીને બીજી વ્યકિતઓને કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ આપવામાં આવેલ. આમ, આ તમામ સંબંધિત કામદારો તેઓની સ્વેચ્છાએ ફરજ ઉપર આવતા બંધ થઈ ગયેલ હોઈ સદર રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર હોવાનું જણાવી ઉપરોકત તમામ હકીકતો ધ્યોને લેતા બીજા પક્ષકારો–કામદારોનો આ રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તેમ ન હોઈ રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે.

આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક–૨૫ ના દસ્તાવેજી લીસ્ટથી ૪ દસ્તાવેજો રજુ કરેલા છે અને આ કામે આંક ૨૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સાક્ષીઓએ તેઓનુ સોગંદનામુ રજુ કરેલ છે અને જેઓની ઉલટ તપાસ બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રી ધ્વારા લેવામાં આવેલ છે.

આ કામમાં જોઈએ તો બીજા પક્ષકાર ધ્વારા જે દસ્તાવેજો રજુ કરેલા છે તે તરફ નજર નાંખીએ તો તેમાં બીજા પક્ષકાર ધ્વારા તેઓના વિ. પ્રતિનિધિશ્રીએ મજુર કમિશ્નરશ્રીને તા.૧૮/૮/૦૩ ના રોજ ચાલુ રોજમદાર કામદારોને છુટા કરી કાયદેસરના હકકો નહી આપી નવા કોન્ટ્રાકટના કામદારો ધ્વારા કામ કરાવવા બાબત સંદર્ભે આપેલ અરજી રજુ કરેલી છે અને સાથે તા.૧૨/૭/૧૨ ના રોજ સરકારી શ્રમ અધિકારીએ ગુજરાત લાલ વાવટા કામદાર યુનીયનના મંત્રીશ્રીએ ચાલુ કામદારોને છુટા કરી આપેલ અરજી બાબતે આપેલ જવાબની નકલ રજુ કરેલ છે અને તેમાં જે અગાઉ અરજી આપેલી તે સંદર્ભે જવાબ આપેલ છે અને તેમાં સરકારી શ્રમ અધિકારીએ જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર સંસ્થા એ રોજમદાર કામદારોને છુટા કરી કોન્ટ્રાકટર ધ્વારા કામ કરાવવામાં આવે છે તેવા મજુરો આશરે ૪ કામ કરે છે આમ કોન્ટ્રાકટ લેબર એકટ લાગુ પડતો ન હોય કોન્ટ્રાકટ તથા નાબુદીની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ નથી તેવુ જણાવીને કોન્ટ્રાકટના કામદારો નીચે મુજબ છે તેવુ જણાવીને...

૧. કાંતીભાઈ લક્ષ્મણભાઈ રાવળ,

૨. જગદીશભાઈ મણાભાઈ રાવળ,

૩. લલીતાબેન મણાભાઈ રાવળ,

૪. કુંવરબેન કાંતીભાઈ રાળવના નામો જણાવેલ છે.

વધુમાં બીજા પક્ષકાર તરફથી રજુ કરવામાં આવેલ દસ્તાવેજ ધ્યાને લેતા તેમાં કુલ સચીવશ્રીએ કેન્દ્ર નીયામકશ્રી ગુજરાત કૃષિ યુનીવર્સીટી અમદાવાદને રાજય સરકારની સુચના મુજબ કરકસરના ભાગરૂપે રોજમદારોની છટણી કરવા બાબત લખેલ ખાનગી પત્ર રજુ કરેલ છે.આ કામે બીજા પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલ નિ.૨૦/૧ થી સ્પેશીયલ સી.એ. નં.૧૨૯૬૧/૨૦૦૦ જે પરમાર અંબાલાલ સોમાજી અને ૨૨ કામદારોએ પ્રથમ પક્ષકાર સંસ્થા સામે ના.ગુજરાત હાઈકોર્ટમાં ફાઈલ કરેલ પીટીશન સંદર્ભે ના.હાઈકોર્ટ તરફથી કરેલ હુકમની નકલ રજુ કરેલી જેમાં ૨૨ કામદારોએ આ કામના પ્રથમ પક્ષકાર સંસ્થા વિરૂધ્ધ તા.૭/૧૨/૮૯ ના જીઆર મુજબ અને તા.૧૭/૧૦/૮૮ થી અસર કરતા લાભો આપવા માટેની માંગણી કરેલી અને જેમાં ના.એપેક્ષ કોર્ટ ધ્વારા આ અરજી મંજુર રાખવામાં આવેલ ત્યારબાદ બીજા પક્ષકાર ધ્વારા આંક–૨૧ ના દસ્તાવેજી લીસ્ટથી પ્રથમ પક્ષકાર સંસ્થા ના સાક્ષીના અન્ય રેફરન્સ કેસમાં જુબાની થયેલી તેની સર્ટીફાઈડ નકલ રજુ કરેલી છે જેમા તેઓએ તે કામના એટલે કે રેફ.ટી. નં.૧૬૦/૦૪ ના કામદારને તા.૧૭/૬/૨૦૦૦ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ છે અને છુટા કરવાના કારણમાં તેઓ ફરજમાં અનીયમીત હતા તેમાં સરકારમાંથી ૨૫ % કાપ મુકવાનો પરીપત્ર આવેલ હોય બીજા પક્ષકારને છુટા કરેલ તેવુ જણાવીને તે કામના બીજા પક્ષકારને અનીયમીતતા અંગે કોઈ નોટીસ આપવામા આવેલ નથી કે ખાતાકીય તપાસ કરવામાં આવેલી નથી તેવુ જણાવીને તે વાત ખરી છે કે ૨૫ % નો કાપ આવ્યા બાદ પ્રથમ પક્ષકાર સંસ્થા કોન્ટ્રાકટ પધ્ધતીથી કામગીરી શરુ કરેલી જે હાલમાં પણ ચાલુ છે કોન્ટ્રાકટરમાં ૭ થી ૮ માણસો ફરજ બજાવે છે તેમાં કોન્ટ્રાકટરમાં કામ કરતા કામદારોને બીજા પક્ષકાર સાથેના તેમજ અમુક નવા કામદારો ફરજ બજાવે છે કોન્ટ્રાકટરમાં બીજા નવા કામદારો કામ કરે છે તેમના નામોની તેમને ખબર નથી. રોજમદારોનુ સીનીયોરીટી લીસ્ટ સંસ્થામાં રાખવામાં આવતુ નથી, બીજા પક્ષકારને નિયમ મુજબ હાજરી કાર્ડ, પગાર સ્લીપ આપવામાં આવતી હતી હવે તેઓ જણાવે છે કે હાજરી કાર્ડ આપવામાં આવતુ ન હતુ પરંતુ સંસ્થાના મસ્ટર ઉપર હાજરી પુરવામાં આવતી હતી તે વાત ખરી છે કે પગાર સ્લીપ આપવામાં આવે તેની એક નકલ સંસ્થા પાસે રહે છે બીજા પક્ષકારે સંસ્થામાં જે તે સમયે ફરજ બજાવેલ છે તે અંગેનુ રેકર્ડ સંસ્થામાં ઉપલબ્ધ છે ૧૯૯૬ થી ૨૦૦૨ સુધીના સંસ્થાના બીજા પક્ષકારના મસ્ટર રોલ અને પગાર સ્લીપ હું સંસ્થામાંથી મેળવી રજુ કરવા તેયાર છુ જે હવે પછી રજુ કરીશ. બીજા પક્ષકાર પછી રાખવામાં આવેલ નવા કામદારો હાલમાં સંસ્થામાં ફરજ બજાવે છે બીજા પક્ષકારને તમો કામ ઉપર રાખવા તૈયાર છો તેના જવાબમાં કોન્ટ્રાકટ ઉપર કામે રાખવા તૈયાર છે તેવુ જણાવેલ છે આમ રેફરન્સ (ટી.)

નં.૧૬૦/૦૪ ના કામે બીજા પક્ષકારના વિ.પ્રતિનિધિશ્રી ધ્વારા જે ઉલટ તપાસ કરવામાં આવેલી છે તેમાં પ્રથમ પક્ષકાર સંસ્થા માં જે કામદાર કામ કરતા તેમને તા.૧૭/૬/૦૨ ના રોજ નોકરીમાંથી છુટા કરેલા તે સંદર્ભે જે વિવાદ ઉપસ્થિત થયેલો તેના સંદર્ભે આ જુબાની આપેલ હોય તેમ જણાય છે વધુમાં બીજા પક્ષકાર તરફથી રજુ કરવામાં આવેલ અન્ય એક દસ્તાવેજ ધ્યાનમાં લેવામાં આવે તો આ કામના બીજા પક્ષકાર પરમાર વિષ્ણુજી પ્રતાપજીને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા ૬/૩/૧૮ ના રોજ કામ ઉપર હાજર થવા માટે લખવામાં આવેલ પત્ર રજુ કરેલો છે અને તેમાં જણાવેલુ છે કે તમો રોજમદાર ઉચ્ચક દર ખેત મજુર તરીકે કરતા હતા પરંતુ તમો અત્રેની કચેરીને કોઈપણ જાતની જાણ કર્યા વગર કામગીરી ઉપર લાંબા સમયથી ગેરહાજર રહેલ છે તેથી અત્રેના ફાર્મની અગત્યની કામગીરી બગડે છે તો આ પત્ર મળ્યે દિન ૩ માં અત્રેના ફાર્મમાં કામ કરવા ઈચ્છતા હોય તો કામ ઉપર હાજર થવા માટે તમોને જણાવવામાં આવે છે જો તમો હાજર નહી થાવ તો તમારી જગ્યાએ રોજમદાર ઉચ્ચક દર ખેતમજુર તરીકે અન્ય વ્યકતીને કામગીરી અર્થે રોકી લેવામાં આવશે. જેમાં તમારો કોઈ હકક દાવો રહેશે નહીં, એવુ જણાવેલ છે સદરહુ પત્રના જવાબમાં બીજા પક્ષકારે નિ.૨૨/૨ થી બીજા પક્ષકાર તરફથી જણાવેલ છે કે તેઓ સંસ્થામાં રોજમદાર તરીકે કામ કરતા હતા તેઓને નોકરી ઉપરથી કામ કરતા તેઓએ તથા બીજા કામદારોએ મજુર અદાલતમાં રેફરન્સ ટી. નં.૧૪૭/૦૪ દાખલ કરેલો જે ના.કોર્ટમાં પેન્ડીંગ છે અને તેની મુદત ૩/૩/૧૮ ના રોજની છે તે દરમ્યાન આપે અમોને નોકરી ઉપર રાખવા પત્ર લખેલ છે પરંતુ અમોને આ પહેલા કોઈ પત્ર લખેલ નથી અને અમો કોઈ વગર રજાએ ગેરહાજર હતા પણ નહી આથી મુળ જગાએ રોજમદાર કામદાર તરીકે કામ ઉપર હાજર થવા તૈયાર છીએ તો તેઓને ચાલુ કેસમાં કામ ઉપર રાખવા માટે વિનંતી છે. તેવુ જણાવીને સદરહુ દસ્તાવેજ સાથે સદરહુ જવાબ રજી.પોસ્ટ એ.ડી. મારફતે મોકલેલ તેની એ.ડી. પહોંચ રજુ કરેલી છે.

આ કામે બીજા પક્ષકાર શ્રી ડાભી મંગાજી કુલાજીને આંક ૧૫ થી તેઓની સોગંદ પરની લેખીત જુબાની આપેલ છે જે મારા ધ્વારા વંચાણે લેવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકાર ધ્વારા તેઓના માંગણાના નીવેદનમાં જે વિગતો જણાવેલી છે તેને સમર્થન આપેલ છે અને ઉલટ તપાસમાં સદરહુ બીજા પક્ષકાર ધ્વારા જણાવવામાં આવેલ .

મારી ઉંમર હાલ ૪૦ વર્ષની છે. મને આંક-૧૫ બતાવવામાં આવે છે જેમાં સહી મારી છે. તેમાં શું લખેલું છે તેનો મને ખ્યાલ નથી.

હું દહેગામ યુનિવર્સિટીમાં કામ કરતો હતો. તે વાત ખરી છે કે હું તા.૧/૪/૧૯૯૬ ના રોજ રોજમદાર ખેતમજૂર તરીકે નોકરીમાં દાખલ થયેલો. મેં છેલ્લે તા.૧૬/૪/૨૦૦૩ સુધી કામ કરેલું. મેં તા.૧૬/૪/૨૦૦૩ સુધી કામ કર્યું તે બતાવતો લેખિત આધાર મારી પાસે નથી. તે વાત ખરી છે કે હું જે કામગીરી કરતો હતો તે સિઝનલ પ્રકારની કામગીરી હતી. તે વાત ખરી છે કે તે કામગીરી જે તે સિઝનમાં પૂરી કરી દેવી પડે. તે વાત ખરી છે કે તે કામગીરી જો પૂરી ના થાય તો બગડી જાય. તે વાત ખરી છે કે તે કામગીરી મેં સ્વેચ્છાએ બંધ કરતા કામગીરી ઉપર વિપરીત અસર પડેલી. તે વાત

ખરી છે કે જેથી સંસ્થાએ કોન્ટ્રાકટ દ્વારા આપવાનું નકકી કરેલ. તે વાત ખરી છે કે તે અંગેની નોટિસ પણ તા.૨૪/૬/૨૦૦૩ ના રોજ મૂકવામાં આવેલી. અમોને કામ કોન્ટ્રાકટ ઉપર કરવા જણાવેલું તે વાત ખરી છે. તે વાત ખરી છે કે અમોએ તે કોન્ટ્રાકટ હેઠળ કામ કરવાનું સ્વિકારવાની ના પાડેલી. સંસ્થાએ અમોને તે વખતે એટલે કે કોન્ટ્રાકટ હેઠળ કામ કરવા બદલ લઘુતમ વેતન આપવામાં આવશે તેવું જણાવેલું તે વાત ખરી છે. તે વાત ખરી છે કે અમોએ કામ સ્વિકારવાની ના પાડતાં આ કામ પૂરૂ કરવું જરૂરી હોય સંસ્થાએ વૈકલ્પિક વ્યવસ્થા કરીને કોન્ટ્રાકટથી કામ આપેલ. અમોએ આ કામગીરી તા.૯/૪/૨૦૦૩ સુધી કરેલી તે વાત ખરી છે.

મેં દરવર્ષે ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે તે દર્શાવતો લેખિત આધાર મારી પાસે નથી. તે વાત ખરી છે કે મેં સને'૧૯૯૬ ના વર્ષમાં ૪૪ દિવસ, ૧૯૯૭ માં ૧૦૩ દિવસ, ૧૯૯૮ માં ૭૦ દિવસ, ૧૯૯૯ માં ૧૦૩ દિવસ, ૨૦૦૦ માં ૧૪૩ દિવસ, ૨૦૦૧ માં શૂન્ય દિવસ, ૨૦૦૨ માં ૧૮૦ દિવસ, ૨૦૦૩ માં ૬૦ દિવસ કામ કરેલ છે.

મને આંક–૪ બતાવવામાં આવે છે જેમાં સીરીયલ નં.૫ ઉપર મારી સહી છે તે વાત સાચી છે. તેમાં શું લખેલું છે તેનો મને ખ્યાલ નથી. તે વાત ખરી નથી કે સંસ્થાએ મને મૌખિક હુકમથી છૂટા કર્યા નથી. હું કાયમી કામદાર તરીકે કામ કરતો હતો તે બતાવવા માટે મારી પાસે કોઈ લેખિત આધાર નથી.

હાલમાં મારા કુટુમ્બમાં ૪ સભ્યો છે. જેમાં હું, મારા પત્ની, મારા માતૃશ્રી અને મારા દીકરાનો સમાવેશ થાય છે. મારા દીકરા ભણતાં નથી, તેઓ છૂટક મજૂરી કરે છે. અમારે ઘરખર્ચ આશરે રૂા.૧,૫૦૦/– જેટલો થાય. તે વાત ખરી નથી કે તે હું પૂરૂ કરૂ છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે છોકરો પૂરૂ કરે છે. હું કશું કમાતો નથી. તે વાત ખરી નથી કે હું નોકરી માટે ગયેલો નથી. મેં કયાંય લેખિતમાં નોકરી માટે અરજી કરેલી નથી. મારા દીકરાની ઉંમર ૩૦ વર્ષની હશે.

આ કામમાં બીજા પક્ષકારના મૌખીક પુરાવા ઉપર નજર નાંખીએ તો કાનાજી અંબાલાલે સોગંદ ઉપર જુબાની આપેલ છે અને તેમાં માંગણાના નિવેદનમાં જણાવેલ તમામ બાબતો જણાવેલી છે અને તેઓની ઉલટ તપાસ આ કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાના વિ.વકીલશ્રી દ્વારા બે તબકકામાં કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

હું ખેતમજૂર તરીકે ફળ સંશોધન કેન્દ્ર દહેગામ ખાતે રોજમદાર મજૂર તરીકે કામ કરતો હતો. હું સને'૧૯૯૦ થી મારી ફરજ બજાવતો હતો. મારી પાસે ૧૯૯૦ થી ફરજ બજાવતા હોવાનો લેખિત આધાર જે હતો તે મેં નામદાર હાઈકોર્ટમાં રજૂ કરેલો છે. આ કામે અમોએ જે જજમેન્ટની કોપી રજૂ કરી તે સિવાય નથી.

તે વાત ખરી નથી કે હું તા.૩/૧૦/૧૯૯૫ થી દાખલ થયેલો. આ કામગીરી મેં તા.૧૬/૪/૨૦૦૩ સુધી બજાવેલી. મેં તા.૧૬/૪/૨૦૦૩ સુધી કામ કરેલ છે તે દર્શાવતો કોઈ લ ેખિત આધાર રજૂ કરેલ નથી, નામદાર હાઈકોર્ટની કોપી છે તે છે.

સવાલ : તમારી કામગીરી એ સિઝનેબલ હતી ?

જવાબ : હા. પરંતુ અમોને સળંગ બોલાવતા હતા.

તે વાત ખરી નથી કે હું વગર રજાએ ગેરહાજર રહેતો હતો માટે કામગીરી ઉપર વિપરીત અસર પડતી હતી. તે વાત ખરી છે કે સિઝનલ પ્રકારની કામગીરીમાં નકકી કરેલ સમયમાં એ કામગીરી પૂર્ણ કરવી પડે. તે વાત ખરી નથી કે હું વગર રજાએ ગેરહાજર રહેતો હતો માટે સંસ્થાએ આ કામગીરી કોન્ટ્રાકટ મારફતે આપવાનું નકકી કરેલ. તે વાત ખરી નથી કે સંસ્થાએ તા.૨૪/૬/૨૦૦૩ ના રોજ નોટિસ મૂકી કોન્ટ્રાકટ મુજબ કામ કરવા જણાવેલ. કોન્ટ્રાકટ બાબતે સંસ્થા તરફથી મૂકવામાં આવેલ નોટિસનો અમોએ કોઈ જવાબ આપેલો નથી. તે બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલી નથી.

મને આંક–૧૬ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે અને તેમાં લખેલી વિગતો સાચી છે. મેં સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કર્યાનો લેખિત આધાર મારી પાસે નથી. મેં તા.૬/૪/૨૦૦૩ સુધી સંસ્થામાં મારી ફરજ બજાવેલ છે તે વાત ખરી છે.

આ કામે સંસ્થાના વિધ્વાન વકીલશ્રીની મૌખિક વિનંતીથી વધુ ઉલટ તપાસ માટે મુદૃત.

ત્યારબાદની ઉલટ તપાસ તા.૧૩/૧૨/૧૭ ના રોજ પૂર્ણ થયેલ છે જે નીચે મુજબ છે.

આંક–૧૬ લગત સોગંદનામાની વધુ ઉલટ તપાસ.
પ્રથમ પક્ષકાર તરફે શ્રી પારસભાઈ પટેલ.
સોગંદ આપ્યા.

મારી ઉંમર હાલ ૪૨ વર્ષની છે. મારી ઉંમર બાબતે સ્કૂલનો દાખલો છે. તે હું રજૂ કરીશ. અમોને સંસ્થા ધ્વારા કોન્ટ્રાકટ મુજબની કામગીરી કરવાનું અને આ કામગીરી માટે મીનીમમ વેજીસ મુજબ પગાર ચૂકવવામાં આવશે તેવું જણાવવામાં આવેલ હોવાની હકીકત ખોટી છે. અમોએ કોન્ટ્રાકટ મુજબની કામ કરવાની ના પાડેલી નથી, પરંતુ અમોએ તેમ જણાવેલું કે અમો રોજમદાર તરીકે કામગીરી કરવા માટે આવીશું. અમોએ આ બાબત લેખિતમાં જણાવેલી નહિ, પરંતુ મૌખિકમાં જણાવેલી. તે વાત ખરી છે કે અમોએ કોન્ટ્રાકટમાં કામ કરવાની ના પાડી માટે સંસ્થાએ બીજી વ્યકિતને કામ આપેલું.

તે વાત ખરી નથી કે મેં સને'૧૯૯૫ માં ૩૨ાા દિવસ ૧૯૯૬ માં ૧૫૦ાા દિવસ, ૧૯૯૭ માં ૧૭૫ દિવસ, ૧૯૯૮ માં ૧૬૦ દિવસ, ૧૯૯૯ માં ૧૯૫ દિવસ, ૨૦૦૦ માં ૧૬૬ાા દિવસ, ૨૦૦૧ માં શૂન્ય દિવસ, ૨૦૦૨ માં ૧૮૪ાા દિવસ અને ૨૦૦૩ માં ૬૬ાા દિવસ કામ કરેલ છે.

હું ૩૦૦ દિવસ ફરજ મારી સંસ્થામાં બજાવી છે તેવું જણાવુ છું તે સંદર્ભે મારી પાસ ે પૂરાવો નથી. મને આંક–૧૬ મારૂ સોગંદનામું બતાવવામાં આવે છે જેમાં સહી મારી છે. તેમાં શું લખેલુ છે તેની મને ખબર છે. મને મૌખિક રીતે છૂટા કરેલ. તે વાત ખરી છે કે મારા સોગંદનામામાં અમોએ જે વિગતો કીધી તે વિગતો સોગંદનામામાં લખવામાં આવેલી છે. મને આંક–૪ બતાવવામાં આવે છે જેમાં મારી સહી સીરીયલ નં.૩ ઉપર છે. મને માંગણાનું નિવેદન બતાવવામાં આવે છે જે મારા

કહેવા પ્રમાણે લખવામાં આવેલું છે. તે વાત ખરી નથી કે મેં નોકરી ઉપર જાતે જવાનું બંધ કરેલ. સંસ્થાએ અમોને કોન્ટ્રાકટ પધ્ધતિથી કામ કરવાનું જણાવેલું જેના અનુસંધાનમાં મેં સંસ્થાને લ ેખિતમાં નોટિસ આપેલ નથી.

મારા કુટુમ્બમાં હું, મારા પત્ની, બે બાળકો તથા પિતાજી છે. મારા બાળકોએ ભણવાનું છોડી દીધેલ છે. અમારા કુટુમ્બનો ઘરખર્ચ મહિને આશરે ચારેક હજાર જેટલો થાય. તે વાત ખરી નથી કે તે હું પૂરૂ કરું છું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે મારા પત્ની પૂરૂ કરે છે, હું બેકાર છું.

અમારે ખેતી નથી. મેં કામ મેળવવા માટે લેખિતમાં અરજી કરી નથી. આ કામમાં બીજા પક્ષકાર પરમાર વિષ્ણુજી પ્રતાપજીએ તેઓની મૌખીક જુબાની રૂપે સોગંદનામુ રજુ કરેલ છે અને જેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓએ જણાવેલ છે કે તે વાત ખરી નથી કે હું પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧/૬/૯૫ થી કામગીરી કરતો હતો રોજમદાર તરીકે હું હતો તે વાત ખરી છે. તે વાત ખરી છે કે હું મહીનામાં જેટલા દિવસ કામ કરુ તેટલા દિવસનો મને પગાર મળતો હતો તે વાત ખરી નથી કે મે આ કામગીરી તા.૧૦/૪/૦૩સુધી બજાવેલી તા.૧૦/૪/૦૩ થી તા.૧ ૬/૪/૦૩ સુધી મેં કામગીરી કરી હોય તે અંગેનો આધાર તમે રજુ કરશો તેના જવાબમાં સાહેદ જણાવે છે કે પુરાવો નથી. તે વાત ખરી છે કે હું જે કામગીરી કરુ તેમાં રોજમદારનુ જે મસ્ટર હોય તેમા મારુ નામ, હાજર દિવસ લખાય અને તે મુજબ પગાર થાય મને મારી સાથેના અન્ય કામદારોના મસ્ટરમાં નામ લખવામાં આવે અને હાજર દિવસ લખાય તે મુજબ પગાર થતો કે કેમ તે ખ્યાલ નથી તે વાત ખરી નથી કે મેં પ્રથમ પક્ષકારસંસ્થામાં સને ૧૯૯૫ માં ૧૩૭.૫, ૧૯૯૬ માં ૦૦, ૧૯૯૭ માં ૧૭૪.૫ ૧૯૯૮ માં ૧૫૦ દિવસ ૧૯૯૯ માં ૧૭૦ દિવસ અને ૨૦૦૦ માં ૫૨ સને ૨૦૦૧ માં ૦૦ અને સને ૨૦૦૨ માં ૧૮૦.૫, સને ૨૦૦૩ માં ૬૪.૫ માં કામગીરી કરેલ છે.હું આ કોર્ટમાં ૨૪૦ દિવસ કે તેથી વધારે કામગીરી કરેલ હોય તેનો પુરાવો રજુ કરીશ હવે જણાવુ છુ કે મારી પાસે આધાર પુરાવો નથી તે વાત ખરી છે કે મેં આ સંસ્થામાં તા.૧૦/૪/૦૩ સુધી નોકરી કરેલી. સંસ્થામાં સીઝન પ્રમાણે ખેતીની કામગીરી થાય તે વાત ખરી છે. તે વાત ખરી છે કે આ કામગીરી જો સમયસર ન થાય તો સંસ્થાને નુકશાન થાય. તા.૧૦/૪/૦૩ પછી કામ ઉપર આવવાનુ બંધ કરેલુ તેના જવાબમાં સાહેદ જણાવે છે કે ''ના''. તે વાત ખરી છે કે હું સંસ્થામાં ગેરહાજર રહેલો માટે સંસ્થાએ આ કામગીરી કોન્ટ્રાકટથી આપવાનુ શરુ કરેલ. તેનો મને ખ્યાલ નથી કે આ બાબતે સંસ્થાએ તા.૨૪/૬/૦૩ ના રોજ નોટીસ બોર્ડ ઉપર નોટીસ મુકેલી. તે વાત ખરી નથી કે આ કામગીરી કોન્ટ્રાકટથી કરાવવા માટે મને રૂબરૂમાં જાણ કરવામાં આવેલી. તે વાત ખરી છે કે અમોએ કોન્ટ્રાકટથી કામગીરી કરવાની ના પાડેલી. તે વાત ખરી છે કે સીઝનની કામગીરી કોન્ટ્રાકટથી કરવામાં આવેલી. તેનો મને ખ્યાલ નથી કે આ યુનીવર્સીટીમાં ખેતીને લગતી બાબતો અંગે વિદ્યાર્થીઓને શીક્ષણ આપવામાં આવે છે. તે વાત ખરી છે કે સંસ્થામાં સીઝન પ્રમાણેખેતીની કામગીરી કરવામાં આવે છે. તેનો મને ખ્યાલ નથી કે, પ્રથમ પક્ષકાર સંસ્થા ને સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે. તેની મને ખબર નથી કે સંસ્થાને આવકનુ

પોતાનુ કોઈ સાધન નથી પરંતુ સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે. તે વાત ખરી છે કે સરકારના જે કાયમી કામદારો હોય તેઓને સરકાર તરફથી જે લાભો અને હકકો મળતા હોય તે મળે. તે વાત ખરી છે કે હું સંસ્થામાં દાખલ થયો ત્યાંસુધી કામગીરી કરે ત્યાં સુધી રોજમદાર તરીકે હતો. તે વાત ખરી છે કે સરકારશ્રી ધ્વારા ખેતમજુરોના જે લઘુત્તમ વેતનનકકી કરેલા તે અમોને નોકરી કરે ત્યાંસુધી મળેલા. તેની મને ખબર નથી કે તા.૧/૫/૦૪ ના રોજ પ્રથમ પક્ષકાર સંસ્થાનુ વિસર્જન થતા તેનુ નામ સરદાર કૃષી નગર દાંતીવાડા કૃષિ યુનીવર્સીટી રાખવામાં આવેલુ. તે વાત ખરી છે કે હું સંસ્થામાં દાખલ થયો ત્યારથી જયાં સુધી કામગીરી કરી ત્યા સુધી સંસ્થામાં મારુ નામ પરમાર વિષ્ણુજી પ્રતાપજી ચાલતુ હતુ મેં તા. ૧૬/૪/૦૩ પછી નોકરી મેળવવા લેખીતમાં અરજી કરેલ નથી કોઈ જગ્યાએ પ્ર યત્ન કર્યો હોય તેવુ બતાવવા મારી પાસે લેખીત આધાર નથી.

આ કામે બીજા પક્ષકાર પરમાર બાદરજી જવાનજીએ જે આંક ૧૮ થી તેઓનુ લેખીત જુબાની સ્વરૂપે સોગંદનામુ રજુ કરેલ છે અને તેમાં માંગણાના નિવેદનમાં જણાવેલી તમામ બાબતોને સમર્થન આપેલ છે અને ઉલટ તપાસમાં જણાવેલ છે કે સંસ્થા વિદ્યાર્થીઓને ખેતી વિષયક બાબત અંગે કેળવણી આપતી સંસ્થા છે તેના જવાબમાં સાહેદ જણાવે છે કે તે વાત ખરી છે. તે વાત ખરી નથી કે સંસ્થામાં સીઝન મુજબ કામગીરી ખેતીવાડીની થાય છે. તે વાત ખરી છે કે ગુજરાત કૃષી યુનીવર્સીટીનુ વિસર્જન તા.૧/૫/૦૪ ના રોજ કરી તેનુ નામ સરદાર કૃષી નગર દાંતીવાડા તરીકે અસ્તીત્વમાં આવેલ છે. તેની મને ખબર નથી કે ગુજરાત સરકાર ધ્વારા ૧૦૦ % ગ્રાન્ટ મળે છે. તેની મને ખબર નથી કે આ સંસ્થાનુ આવકનુ કોઈ સાધન નથી સરકાર તરફથી ગ્રાન્ટ મળે છે. સરકારમાં જે કર્મચારીઓ કાયમી કર્મચારીઓ તરીકે ફરજ બજાવતા હોય તેઓને સરકારના લાભો મળે તે વાત ખરી છે. તે વાત ખરી છે કે સંસ્થા સરકારશ્રી ધ્વારા રોજમદાર ખેત મજુરો માટેના જે લઘુત્તમ વેતનના દરો બહાર પાડે છે તે મુજબ સંસ્થા ચુકવણી કરે છે.

સંસ્થામાં જરૂરીયાત મુજબના કામદારો કામ કરે છે.

જવાબ:– કોન્ટ્રાકટરના કામમાં કરે છે.

હું રોજમદાર કામદાર હતો મારી સાથે બીજા જે કામદારો જે આ કેસમાં ૪ કામદારો છે તે પણ મારા માફક રોજમદાર કામદારો હતા. તે વાત ખરી છે અમો ૫ જણા કોઈ કોન્ટ્રાકટમાં કામ કરતા ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમો મસ્ટર પર કામ કરતા હતા. આ મસ્ટર હોય તે રોજમદાર કામદારોનુ જે મસ્ટર હોય તેમાં મારુ નામ હતુ તે વાત ખરી છે. મસ્ટરમાં સીનીયોરીટી પ્રમાણે નામ લખવામાં આવેલ છે કે કેમ? તેની મને ખબર નથી. તે વાત ખરી નથી કે સંસ્થામાં સીનીયોરીટી પ્રમાણે અને કામની ઉપલબ્ધી મુજબ કામદારોને કામ આપવામાં આવતુ હતુ. અમો ૫ જણા પ્રથમ પક્ષકાર સંસ્થાની દહેગામ ખાતે કામ કરતા હતા તે વાત ખરી છે. તે વાત ખરી નથી કે હુ તા.૧૭/૪/૯૪ માં નોકરીમાં જોડાયેલો. સંસ્થામાં અમારે સીઝન પ્રમાણે ગોડ કરવાનો, ખાતર નાંખવાનુ, દવા છાંટવાનો, છાણીયુ ખાતર નાંખવાની કામગીરી કરવાની રહેતી. તે વાત ખરી નથી

કે આ કામગીરીની જયારે જરૂર હોય ત્યારે સંસ્થા બોલાવતી હતી. છેલ્લે મેં તા.૧૬/૪/૦૩ ના રોજ સુધી કામગીરી કરી. તે વાત ખરી નથી કે મેં છેલ્લે તા.૧૦/૪/૦૩ સુધી કામગીરી કરી છે. મારી પાસે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કર્યાનો પુરાવો નથી. તે વાત ખરી નથી કે મેં સને ૧૯૯૪ ના વર્ષમાં ૪૦ દિવસ, ૧૯૯૫ માં ૧૩૨ દિવસ, ૧૯૯૭ માં ૨૦૭.૫ દિવસ, સને ૧૯૯૮ માં ૧૮૦ દિવસ ૧૯૯૯ માં ૧૭૫, ૨૦૦૦ ના વર્ષમાં ૧૫૧ દિવસ ૨૦૦૧ માં ૦૦, ૨૦૦૨ માં ૧૯૮.૦૫ અને ૨૦૦૩ ના વર્ષમાં ૬૦ દીવસ કામગીરી કરેલ હતી. આ વર્ષો દરમ્યાન કરેલ કામગીરીની વિગતો દર્શાવતુ પત્રક હુ રજુ કરી શકુ તેમ નથી. તેની  મને ખબર નથી કે અમો જે કામગીરી કરતા હતા તે કામગીરી સરકારશ્રી ઘ્વારા કોન્ટ્રાકટથી કરવા માટે પરીપત્ર બહાર પાડવામાં આવેલ. તે વાત ખરી નથી કે હું તા.૧૦/૪/૦૩ ના રોજથી સ્વૈચ્છાએ મારી ફરજ ઉપર આવતો બંધ થયેલ. તેની મને ખબર નથી કે અમો ગેરહાજર રહેવાના કારણે સરકારશ્રીના પરીપત્ર મુજબ આ કામગીરી કોન્ટ્રાકટર ઘ્વારા કરવામાં આવેલ. તેની મને ખબર નથી કે કોન્ટ્રાકટથી કામગીરી લેવા બાબતની નોટીસ તા.૨૪/૬/૦૩ ના રોજ નોટીસ બોર્ડ ઉપર લગાવવામાં આવેલ. તે વાત ખરી નથી કે આવી કોન્ટ્રાકટથી કામગીરી બાબતે પ્રથમ પક્ષકાર સંસ્થા એ અમોને રુબરુમાં જાણ કરેલી. તે વાત ખરી નથી કે આ રીતે અમોએ કામ કરવાની ના પાડેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમોને છુટા કરેલ. સંસ્થાએ

તા.૧૬/૪/૦૩ થી છુટા કર્યાનો કોઈ લેખીત હુકમ તમારી પાસે છે. જવાબમાં અમોને ના પાડેલી. તા.૧૦/૪/૦૩ થી તા.૧૬/૪/૦૩ સુધી કામગીરી સંસ્થામાં કરી તે બાબતનો પુરાવો હાલ મારી પાસે નથી આ અંગેનો  પુરાવો હાલ મારી પાસે નથી આ અંગેનો પુરાવો આવતી મુદતે રજુ કરીશ. આ સિવાય સંસ્થા સામે બીજો કોઈ કેસ કરેલ નથી. મે સંસ્થાએ છુટા કરી દિઘેલાનુ જણાવેલ છે ત્યારથી આજદિન સુધી બીજી સંસ્થામાં લેખીતમાં અરજી કરી નથી. કોઈ જગ્યાએ પ્રયત્ન કર્યો હોય તે બતાવવા મારી પાસે લેખીત આધાર નથી.

આ કામમાં બીજા પક્ષકાર પરમાર બદાજી સોમાજીને આંક ૧૯ થી તેઓની સોગંદ પરની જુબાની રજુ કરેલી છે જે લેખીત જુબાની વંચાણે લેતા તેમાં માંગણાના નિવેદનમાં જણાવેલી વિગતોને સમર્થન આપેલ છે અને ઉલટ તપાસમાં ... હું ફળ સંશોઘન કેન્દ્ર દહેગામ ખાતે મારી ફરજ બજાવતો હતો. તે વાત ખરી છે કે હું રોજમદાર મજૂર તરીકે મારી ફરજ બજાવતો હતો. હું સને'૧૯ ૮૮ ની સાલમાં દાખલ થયેલો. મેં છેલ્લે તા.૧૬/૪/૨૦૦૩ સુધી મારી ફરજ બજાવેલ છે. ત્યારપછી મેં કયારેય મારી ફરજ બજાવેલ નથી. એ વાત ખરી નથી કે મેં સંસ્થામાં તા.૭/૭/૨૦૦૩ સુધી મારી ફરજ બજાવેલ છે. મારી કામગીરી સિઝનલ હતી. તે વાત ખરી નથી કે હું તથા બીજા કારીગરો કામ પર જતા ન હતા તેને કારણે કામ ઉપર અસર થતી હતી. તે વાત ખરી નથી કે હું ગેરહાજર રહેતો હતો જેના કારણે સંસ્થાએ આ કામગીરી કોન્ટ્રાકટથી આપેલી. એ વાત ખરી નથી કે સંસ્થાએ તે બાબતની તા.૨૪/૬/૨૦૦૩ ના રોજ નોટિસ મૂકેલી. તે વાત ખરી છે કે અમોને કોન્ટ્રાકટ પર કામ કરવા

માટે જણાવેલું. તે વાત ખરી નથી કે અમોને તેવું પણ જણાવેલું કે તમોને મિનિમમ વેજ પ્રમાણે પગાર આપવામાં આવશે. તે વાત ખરી છે કે અમોને કોન્ટ્રાકટ પર કામે જવાની ના પાડી જેથી સંસ્થાએ બીજાને કોન્ટ્રાકટ આપ્યો. મને આંક–૧૯ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. તેમાં શું લખેલું છે તેની મને ખબર નથી. સંસ્થામાં ૨૪૦ દિવસ કરતા વધારે કામગીરી કરી હોય તે બતાવતો મારી પાસે લેખિત આધાર નથી. તે વાત ખરી છે કે મેં ૧૯૮૮ માં ૧૪૦ાા દિવસ, ૧૯૮૯ માં ૨૨૬ દિવસ, ૧૯૯૦ માં ૧૮૨ાા દિવસ, ૧૯૯૧ માં ૧૧૬ાા દિવસ, ૧૯૯૨ માં ૨૦૬ાા દિવસ, ૧૯૯૩ માં ૨૦૫ દિવસ, ૧૯૯૪ માં ૨૩૯ દિવસ, ૧૯૯૫ માં ૨૩૭ દિવસ, ૧૯૯૬ માં ૨૦૮ દિવસ, ૧૯૯૭ માં ૨૩૭ દિવસ, ૧૯૯૮ માં ૨૩૮ દિવસ, ૧૯૯૯ માં ૧૮૦ દિવસ, ૨૦૦૦ માં ૧૦૯ દિવસ, ૨૦૦૧ માં શૂન્ય દિવસ, ૨૦૦૨ માં ૨૧૪ાા દિવસ, ૨૦૦૩ માં ૧૦૬ દિવસ કામગીરી કરી છે.

મને આંક–૪ બતાવવામાં આવે છે જેમાં ક્રમ નં.૧ ઉપર મારી સહી છે. મને તેમાં શું લખેલ છે તેનો ખ્યાલ નથી. મારી પાસે કાયમી કામદાર તરીકે કામ કરતો હતો તે દર્શાવતો કોઈ લ ેખિત આધાર નથી. તે વાત ખરી નથી કે હું તા.૭/૭/૨૦૦૩ ના રોજ મારી જાતે કામ પર આવતો બંધ થયેલો. હાલમાં મારી ઉંમર લગભગ ૪૨ વર્ષની હશે. મારી પાસે મારી જન્મ તારીખનો દાખલો નથી. મારા કુટુમ્બમાં હું, મારા પત્ની, એક પુત્ર અને એક પુત્રી છે. મારી પુત્રીના લગ્ન થઈ ગયેલ છે અને પુત્ર ભણે છે. દર માસે ઘરખર્ચ રૂપિયા પાંચેક હજાર થાય. ઘરખર્ચ ગામમાં કામ મળ ેતો જઈએ, નહિતર ભેંસ ઉપર પૂરૂ કરીએ છીએ. મહિને આઠ–દસ હજાર રૂપિયા ના મળે. એ વાત ખરી નથી કે સંસ્થાએ મને નોકરીમાંથી છૂટા કર્યા નથી, પરંતુ હું જાતે જ કામ પર આવતો બંધ થયેલો.

આ કામમાં જોઈએ તો પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા આંક ૨૫ ના દસ્તાવેજી લીસ્ટથી નિ.૨૫/૧ થી બીજા પક્ષકારની હાજરીમાં રજુ કરેલ દિવસો રજુ કરેલ છે અને જે વંચાણે લેતા તેમાં પરમાર બદાજી સોમાજી એટલે કે આ કામના બીજા પક્ષકાર નં.૧ ના નામ સામે રોજમદાર ખેતમજુર, તેઓની જન્મ તારીખ તથા યુનીવર્સીટીમાં દાખલ થયા તારીખ ૨૭/૬/૮૮ તેવુ જણાવેલુ છે અને સંબંધીત કામદારની વર્ષવાર હાજરીમાં સને ૧૯૮૮ માં ૧૪૦.૧/૨, ૧૯૮૯ માં ૨૨૬ દિવસ, ૧૯૯૦ માં ૧૮૨.૧/૨, ૧૯૯૧ માં ૧૧૬.૧/૨, ૧૯૯૨ માં ૨૦૬.૧/૨, ૧૯૯૩ માં ૨૦૫ દિવસ, ૧૯૯૪ માં ૨૩૯. દિવસ, ૧૯૯૫ માં ૨૩૭ દિવસ, ૧૯૯૬ માં ૨૦૮ દિવસ ૧૯૯૭ માં ૨૩૭ દિવસ ૧૯૯૮ માં ૨૩૮ દિવસ, ૧૯૯૯ માં ૧૮૦ દિવસ, ૨૦૦૦ માં ૧૦૯ દિવસ, ૨૦૦૧–૦૦, ૨૦૦૨ માં ૨૧૪.૧/૨ દિવસ, અને ૨૦૦૩ માં ૧૦૬ દિવસ એવુ જણાવીને નીચે પરમાર બદાજી સોમાજી, છેલ્લે કામે તા.૬/૭/૦૩ ના રોજ આવેલ છે તથા તા.૭/૬/૦૩ ના રોજથી કામ પર આવતા બંધ થયેલ છે તેમજ તેઓ શેડયુલમાં જણાવે છે કે તા.૧ ૬/૪/૦૩ ના રોજ છુટા કરવામાં આવેલ છે પરંતુ તે વાત તદ્દન ખોટી છે અને તેઓ અત્રેના કેન્દ્ર ઉપર તા.૭/૭/૦૩ ના રોજથી કામ ઉપર આવતા બંધ થયેલ છે. જે યુનીવર્સીટીના પરીપત્ર મુજબ

જણાવ્યા પ્રમાણે કામની કામગીરી રેટકોન્ટ્રેકચ્યુલ પધ્ધતીથી આપવાની હોય એટલે તેઓને અત્રેના કેન્દ્ર ઉપરથી કામગીરી કરવા માટે જાહેરાત આપી હોવા છતાં તેઓ કામગીરી કરવા અંગેનો રેટકોન્ટ્રાકટ પધ્ધતીથી ના પાડેલ તેમજ જાહેરાતની ટપાલ રુબરુમાં આપવા જતા પણ સ્વીકારેલ ન હતી. પરમાર બદાજી સોમાજીને કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ થયેલ નથી એટલે ના.સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ લાભ મળવા પાત્ર થતા નથી તેવુ જણાવેલુ છે અને આ દસ્તાવેજોમાં નીચે મદદનીશ સંશોધન વૈજ્ઞાનીક બાગાયતની સહી તથા સીકકો છે. પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ બીજા પક્ષકાર નં.૨ બાદરજી જવાનજીના દસ્તાવેજ અંગે જોઈએ તો તેમાં બીજા પક્ષકારના નામ નીચે રોજમદાર ખેત મજુર એવુ જણાવેલ છે અને યુનીવર્સીટીમા દાખલ તા.૧૪/૭/૯૪ જણાવીને વર્ષ વાર હાજરીના દિવસોમાં ૧૯૯૪ માં ૪૦ દિવસ, સને ૧૯૯૫ માં ૧૩૨ દિવસ, ૧૯૯૬ માં ૨૧૭ દિવસ, ૧૯૯૭ માં ૨૦૭.૧/૨ ૧૯૯૮ માં ૧૮૦ દિવસ, ૧૯૯૯ માં ૧૭૫ દિવસ ૨૦૦૦ માં ૧૫૧ દિવસ, ૨૦૦૧માં –, ૨૦૦૨ માં ૧૯૮.૧/૨ અને ૨૦૦૩ માં ૬૦ દિવસ તેવુ જણાવીને નીચે પરમાર બાદરજી જવાનજી તા.૯/૪/૦૩ ના રોજ અત્રેના ફાર્મ ઉપર આવેલ છે ત્યારબાદ તા.૧૦/૪/૦૩ ના રોજ કામ ઉપર આવતા બંધ થયેલ છે સરકારશ્રીના પરીપત્ર મુજબ ફાર્મની કામગીરી રેન્ટકોન્ટ્રાકટ પધ્ધતીથી કરવાની હોય કામ ઉપર આવતા બંધ થયેલ છે તેઓશ્રીની કામગીરી કરવા માટે રેન્ટ પધ્ધતીથી અત્રેના કેન્દ્ર પરથી જાહેરાત, ટપાલ રુબરુ આપવા ગયેલ અને ટપાલ પણ સ્વીકારેલ ન હતી જેની નકલ સામે છે તેમજ રેન્ટ કોન્ટ્રાકટ પધ્ધતીથી કામગીરી કરવા અંગેના પરીપત્રની નકલ સામેલ છે તેવુ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે પરમાર બાદરજી જવાનજીને કોઈપણ વર્ષમાં ૨૪૦ દિવસ થયેલ નથી એટલે ના.સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ લાભ મળવા પાત્ર થતો નથી. શેડયુલમાં જણાવ્યાપ્રમાણે છુટા તા.૧૬/૪/૦૩ થી કરેલ નથી પણ તા.૧૦/૪/૦૩ થી કામ પર આવતા બંધ થયેલ છે તેવુ જણાવેલ છે. આ કામમાં સંસ્થા ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજ બીજા પક્ષકાર નં.૩ કાનજીભાઈ અંબાલાલનું નામ જણાવેલું છે અને તેમાં રોજમદાર ખેત મજુર એવું જણાવીને તેમની જન્મ તારીખ જણાવેલી છે અને યુનિવર્ષીટીમાં દાખલ તા.૩/૧૦/૯૫ જણાવીને આ બીજા પક્ષકાર કાનાજી અંબાલાલના સને ૧૯૯૫ ના વર્ષમાં ૩૨ અને ૧/૨, ૧૯૯૬ માં ૧૫૦ ૧/૨, ૧૯૯૭ ૧૭૫, ૧૯૯૮ ૧૬૦, ૧૯૯૯ ૧૯૫, ૨૦૦૦ ૧૬૬ અને ૧/૨, ૨૦૦૧ – , ૨૦૦૨ માં ૧૯૪ ૧/૨, ૨૦૦૩ માં ૬૨ ૧/૨ ની હાજરી જણાવીને વધુમાં પરમાર કાનજીભાઈ અંબાલાલ તા.૫/૪/૦૩ સુધી આવેલ ત્યાર બાદ તા.૬/૪/૦૩ થી કામ પર આવતા બંધ થઈ ગયેલ છે. જે સિડયુલ્ડમાં જણાવેલ તારીખ ૧૬/૪/૦૩ થી છુટા કરેલ છે તે તદન ખોટી તારીખ જણાવેલ છે. પરમાર કાનજીભાઈ અંબાલાલને કોઈ પણ વર્ષમાં ૨૪૦ દિવસ થયેલ નથી એટલે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કોઈ પણ લાભ આપવા પાત્ર નથી. યુનિવર્ષીટીમાં કામગીરી રેટ કોન્ટ્રાકટ પધ્ધતીથી કરવાની હોઈ અત્રેના કેન્દ્ર પરથી કામગીરી કરવા માટે જાહેરાત આપી ટપાલ રૂબરુ આપવા ગયેલ છતા ટપાલ સ્વિકારેલ નથી. પરમાર કાનજીભાઈ અંબાલાલ આ

અગાઉ પર વારંવાર રજુઆત કરેલ છે તેમાં મુખ્યમંત્રીશ્રી ને પણ રજુઆત કરેલ છે છતા તેમના પત્રોનો નિકાલ આવી ગયેલ છે છતા વારંવાર કચેરીને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરે છે તેમજ સુપ્રિમ કોર્ટનાં ચુકાદા મુજબ કોઈ લાભ મળવા પાત્ર થતા નથી. તેમજ કામગીરી રેન્ટ કોન્ટ્રાકટથી કરવાની હોઈ જેની પરીપત્રની નકલ સામેલ રજુ કરેલ છે તેવું જણાવીને બીજા પક્ષકાર નં. ૪ પરમાર વિષ્ણુજી પ્રતાપજી, ગણેશપુરા રોજમદાર ખેતમજુર એવું જણાવીને તેઓની જન્મ તારીખ જણાવેલી છે અને યુનિવર્ષિટીમાં દાખલ તા.૧/૬/૯૫ જણાવીને વર્ષ વાર હાજરીનાં દિવસોમાં સને–૧૯૯૫ નાં ૧૩૭ ૧/૨ , ૧૯૯૬ માં –, ૧૯૯૭ માં ૧૭૪ ૧/૨, ૧૯૯૮ માં ૧૫૦, ૧૯૯૯ માં ૧૭૦, ૨૦૦૦ માં ૫૨, ૨૦૦૧ માં –, ૨૦૦૨ માં ૧૮૦ ૧/૨, ૨૦૦૩ માં ૬૪ ૧/૨ દિવસો જણાવીને વધુમાં જણાવેલ છે કે પરમાર વિષ્ણુજી પ્રતાપજી અત્રેના ફાર્મ ઉપર તા.૯/૪/૦૩ સુધી આવેલ છે. ત્યાર બાદ તા.૧૦/૪/૦૩ થી ફાર્મ પર આવતા બંધ થયેલ છે. જે સિડયુલડમાં જણાવેલ તા. ૧૬/૪/૦૩ તદન ખોટી જણાવેલ છે. સરકારશ્રી ના પરીપત્ર મુજબ રેન્ટ કોન્ટ્રાકટ પધ્ધતિ મુજબ કામગીરી કરવાની હોઈ અત્રેના કેન્દ્ર પરથી જાહેરાત આપી ટપાલ રૂબરુ આપવા ગયેલ છતા ટપાલ સ્વિકારેલ નથી. તેવું જણાવીને વધુમાં બીજા પક્ષકાર નં.૫ ડાભી મંગાજી કુલાજી, ગણેશપુરા રોજમદાર ખેત મજુર તેવું જણાવીને તેમની જન્મ તારીખ જણાવી છે અને યુનિવર્ષિટીમાં દાખલ તા.૧/૪/૯૬ જણાવી છે અને વર્ષવાર હાજરીના દિવસોમાં સને ૧૯૯૬ માં ૪૪, ૧૯૯૭ માં ૧૦૩, ૧૯૯૮ માં ૭૦, ૧૯૯૯ માં ૧૦૩, ૨૦૦૦ માં ૧૪૩, ૨૦૦૧ માં – , ૨૦૦૨ માં ૧૮૦, ૨૦૦૩ માં ૬૦ દિવસ તેવું જણાવીને વધુમાં ડાભી માંગાજી કુલાજી અત્રેના ફાર્મ પર તા.૧૦/૪/૦૩ સુધી આવેલ છે ત્યાર બાદ તા.૧૧/૪/૦૩ ના રોજ ફાર્મ પર આવતા બંધ થયેલ છે જે સેડયુલ્ડમાં તા.૧૬/૪/૦૩ જણાવેલ છે. તે તદન ખોટી જણાવેલ છે. સરકારશ્રી નાં પરીપત્ર મુજબ ફાર્મનાં રેન્ટ કોન્ટ્રાકટ પધ્ધતિથી કામગીરી કરવાની હોઈ અત્રેનાં કેન્દ્રએ જાહેરાત આપી રૂબરુ ટપાલ આપવા ગયેલ છતા ટપાલ પણ સ્વિકારેલ ન હતી. જે પરીપત્રની નકલ રજુ કરેલ છે. ડાભી મંગાજી કુલાજીને કોઈ પણ વર્ષમાં ૨૪૦ દિવસ થયા નથી. જે નામદાર સુપ્રિમકોર્ટનાં ચુકાદા મુજબ કોઈ પણ લાભ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલું છે. સદરહું દસ્તાવેજ નીચે મદદનીશ સંસોધક વૈજ્ઞાનિક બાગાયાત ફળ સંસોધન કેન્દ્ર ગુજરાત કૃષિ યુનિવર્ષિટીની સહી છે.

સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ નિશાની ૨૫/૨ ના દસ્તાવેજ ધ્યાને લેતા સંસ્થાનાં તા.૧/૪/૦૩ થી ૩૧/૮/૦૩ સુધીનાં હાજરી પત્રકની ખરી નકલ રજુ કરેલ છે અને નિશાની ૨૫/૩ થી સંસ્થાએ તા.૨૦/૧૦/૦૩ ના રોજ મદદનીશ મજુર કમિશ્નર શ્રી સમક્ષ આપેલ લેખિત જવાબની નકલ રજુ કરેલ છે અને નિશાની ૨૫/૪ થી સબંધીત કામદારે નામદાર મજુર અદાલત સમક્ષ કરેલ પરચુરણ અરજી નં.૧૦૬/૧૫ ના હુકમની નકલ રજુ કરેલી છે. આ કામમાં આંક ૨૬ થી પ્રથમ પક્ષકાર સંસ્થાના સાક્ષી શ્રી જયેનભાઈ રમણીકલાલ વડોદરીયાનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓએ તેમના જવાબમાં જે વિગતો જણાવેલી છે તે વિગતો એમના સોગંદનામામા

જણાવીને તમામ બીજા પક્ષકાર કામદારોને વર્ષવાર હાજરીની વિગતો જણાવેલી છે. અને વધુમાં સબંધીત કામદારોના સંસ્થા ધ્વારા છુટા કરવામાં આવેલા નથી પરંતુ તેઓએ સ્વેચ્છાએ તેમની ફરજ ઉપર આવવાનું બંધ કરેલ છે. તમામ કામદારોનાં તા.૧૬/૪/૦૩ ના રોજથી છુટા કરવામાં આવેલા જ નથી. તે પૈકિ બદાજી સોમાજીતો તા.૧૬/૪/૦૩ અને ત્યાર બાદનાં સમય માટે ફરજ ઉપર હાજર હતા અને ૬/૭/૦૩ સુધી ફરજ બજાવી છે. જયારે અન્ય કામદારો પૈકી બાદરજી જવાનજી અને વિષ્ણુજી પ્રતાપજીએ તા.૧૦/૪/૦૩ ના રોજથી કાનાજી અંબાલાલને તા.૬/૪/૦૩ ના રોજથી અને ડાભી મંગાજી કુલાજીએ તા. ૧૧/૪/૦૩ ના રોજથી ફરજ ઉપર આવવાનું બંધ કર્યા બાદ ફરજ ઉપર આવેલ જ નથી. આમ તા.૧૬/૪/૦૩ ના રોજ તેઓ ફરજ ઉપર આવેલ જ ન હોઈ તે દિવસે મૌખિક હુકમથી છુટા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી. ઉપરાંત આ તમામ સબંધીત કામદારોએ છેલ્લા વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી પુર્ણ કરેલ નથી. એટલું જ નહી તેઓએ જેટલા દિવસ કામ કરેલ છે તે તમામ વર્ષોમાંથી કોઈ પણ વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી પૂર્ણ કરેલ નથી. તેવું જણાવીને ઉલટતપાસમાં,

હું સરદાર કૃષિ નગર, દાંતીવાડા કૃષિ યુનીવર્સીટીમાં મારી ફરજ બજાવુ છુ. હું સને ૧૯ ૮૪ થી મારી ફરજ બજાવુ છુ. હાલમાં હું બાગાયત મહાવિદ્યાલય, જગુદણ ખાતે છુ. મેં પહેલા ગુજરાત કૃષિ યુનીવર્સીટી દહેગામ ખાતે કામ કરેલ નથી. તા.૧/૦૯/૨૦૧૭ થી મારી પાસે દહેગામ ખાતેનો ચાર્જ છે.

સવાલ:– કામદારોને સને ૨૦૦૪ માં છુટા કર્યા તેની તમને માહિતી ના હોય?

જવાબ:– બીજા પક્ષકારોને છુટા કર્યા નથી. તે બાબત હું રેકર્ડને આધારે કહું છુ. બીજા પક્ષકારો અંગે મને જાત માહિતી નથી.

મને આંક–૧૪ બતાવવામાં આવે છે તેમાં અમારા રજીસ્ટ્રારશ્રીની સહી છે. જે જવાબ તા.૨૮/૦૯/૨૦૧૬ ના રોજ રજુ કરવામાં આવેલો છે. તેમાં શું લખ્યુ છે તેની મને માહિતી નથી.

મને નિશાની ૨૫/૧ બતાવવામાં આવે છે જેમાં પાંચ પાના છે તેમાં કામદારોની હાજરીના દિવસો જે જણાવેલા છે તે રેકર્ડના આધારે જણાવેલા છે. અમારા કામદારોને હકક રજા કે કેઝયુઅલ રજા કે તહેવારની રજા હોતી નથી. નિશાની ૨૫/૧ ને પાકો આંક–૨૮ આપવામાં આવે છે. મને આંક–૨૬ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે. આ સોગંદનામામાં શ્રી સોમાજી બદાજી તથા અન્ય ચાર કામદારોની વિગતો જણાવીને તેમની હાજરીના છેલ્લા પાંચ વર્ષની વિગતો જણાવેલી છે. છેલ્લે તેઓ કયા દિવસે કામ ઉપર આવેલા હતા તે તારીખ દર્શાવેલી છે. સોગંદનામામાં છેલ્લા પાંચ વર્ષની હાજરી જણાવેલી છે તે વાત ખરી છે. સંસ્થામાં અમો સીનીયોરીટી લીસ્ટ રાખતા નથી.

હાલમાં અમારી સંસ્થામાં કોન્ટ્રાકટ ચાલે છે. અત્યારે હાલમાં દસ કામદારો કોન્ટ્રાકટમાં કામ કરે છે. આ કામદાર બીજા પક્ષકારો જે કામ કરતા હતા તે જ કામ હાલના કોન્ટ્રાકટરના કામદારો કરે છે.

અમોએ જણાવેલ છે કે, કામદારો જાતે નોકરી છોડીને જતા રહેલા છે તો તે સંદર્ભે અમોએ તેમને નોટીસ આપેલ નથી. અમોએ બીજા પક્ષકારોની કોઈ તપાસ કે ઈન્કવાયરી કરેલી નથી. આંક–૨૮ ના ક્રમ નં.૩ મને બતાવવામાં આવે છે જે અમોએ મજુર કમિશ્નરશ્રી સમક્ષ જે જવાબ આપેલ તે જણાવેલ છે. મજુર કમિશ્નરશ્રી સમક્ષનુ રેકર્ડ ધ્યાને લેતા તેમાં આ જવાબ નથી. આ કામદારોની દાખલ તારીખની મને ખબર નથી. મને તા.૧૦/૧૦/૨૦૦૩ નો અમારી સંસ્થા તરફથી લખવામાં આવેલો મજુર કમિશ્નરશ્રીનો પત્ર બતાવવામાં આવે છે તેમાં લખેલી વિગત સાચી છે. મને નિશાની ૭/૧ બતાવવામાં આવે છે જે પત્ર મળેલ છે કે કેમ? તેની મને માહિતી નથી. મને નિશાની ૭/૨ બતાવવામાં આવે છે જે નિશાની ૭/૧ નો પત્ર મળ્યા બદલની પાવતી છે તેમાં સંસ્થાનો સીકકો અને સહી છે. નિશાની ૭/૨ ને પાકો આંક–૨૯ આપવામાં આવે છે. મને નિશાની ૭/૩ બતાવવામાં આવે છે જેની મને માહિતી નથી. મને નિશાની ૭/૪ બતાવવામાં આવે છે જે સંસ્થાનો પત્ર છે તે વાત ખરી છે નિશાની ૭/૫ ને પાકો આંક–૩૦ આપવામાં આવે છે. જેમાં સરકારશ્રીના કરકસરના ભાગરૂપે રોજમદાર કર્મચારીઓને છુટા કરવા તેવુ જણાવેલુ છે તે વાત ખરી છે. બીજા પક્ષકારોને હાલમાં કામ ઉપર રાખવા માટે સંમત છો? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે તેઓની જાતે કામ ઉપરથી ગયા છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તે વાત ખરી છે કે હાલમાં કોન્ટ્રાકટ પધ્ધતિથી કામદારો કામ કરે છે.

આ કામે જોઈએ તો પ્રથમ પક્ષકાર સંસ્થાનાં સાક્ષીની ઉપરોકત ઉલટતપાસ ધ્યાને લેતા તેની ઉલટતપાસનાં પ્રથમ પક્ષકાર સંસ્થાના સાક્ષી બીજા પક્ષકાર ના વિધ્વાન પ્રતિનિધિ શ્રી ધ્વારા પુછતા સંસ્થા તરફી રજુ કરવામાં આવેલ નિશાની ૨૫/૧ ની પાંચ પાનામાં કામદારોની હાજરીના દિવસો જે જણાવેલા છે તે રેકર્ડ આધારીત જણાવેલા છે અને ઉલટતપાસમાં આંક–૨૮ આપવામાં આવેલો છે. વધુમાં સરદહું ઉલટતપાસમાં તેઓની સંસ્થામાં હાલનાં કોન્ટ્રાકટ ચાલે છે અને ૧૦ કામદારો કોન્ટ્રાકટમાં કામ કરે છે અને આ કામદારો બીજા પક્ષકાર જે કામ કરતા હતા તે જ કામ કોન્ટ્રાકટરનાં કામદારો કામ કરે છે. તેવું જણાવેલું છે.

આ કામમાં બીજા પક્ષકારો ધ્વારા તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તા.૧૬/૪/૦૩ થી છુટા કરવાનાં પગલાને પડકારેલ છે. આ કામમાં બીજા પક્ષકારો ધ્વારા તેઓઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ સુધી ફરજ બજાવેલી છે તે અંગેના કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી કે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે રજુ કરવા માટે કોઈ અરજી આપેલ નથી કે તે અંગેનો કોઈ હુકમ મેળવ્યો નથી. આ કામે બીજા પક્ષકારો ધ્વારા તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં ૨૪૦ દિવસની કામગીરી કરેલ છે તેવું જણાવેલું છે તે સંદર્ભે તેઓના તરફથી આ અંગે કોઈ પુરાવો રજુ કરેલો નથી. તે સંસ્થા પાસે રજુ કરાવવા માટે કોઈ પ્રયત્ન કરેલો નથી. આ કામે સંસ્થા ધ્વારા તેઓના જવાબમાં બીજા પક્ષકાર બદાજી સોમાજીએ તા.૭/૭/૦૩ તથા કાનાજીએ ૬/૪/૦૩ અને બાકીના ત્રણેય કામદારોએ તા. ૧૦/૪/૦૩ ના રોજથી તેમની સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનું બંધ કરેલ છે તેવું જણાવેલ છે.

આ સંદર્ભે જોઈએ તો ડાભી મંગાજી કુલાજીની સરતપાસ ની ઉલટતપાસ યથાયોગ્ય સ્થાને આ કામે જણાવેલી છે અને ઉલટ તપાસના મુખ્ય અંશો જોઈએ તો જણાવેલ છે કે તેઓએ ૧૬/૪/૦૩ સુધીકામ કર્યુ તે બતાવતો લેખિત આધાર તેમની પાસે નથી. એ બાબત પણ કબુલેલ છે કે આ કામગીરી સ્વેચ્છાએ બંધ કરતાં કામગીરી ઉપર વિપરીત અસર પડેલી. તે વાત ખરી છે કે તે અંગેની નોટીસ પણ ૨૪/૬/૦૩ ના રોજ મુકવામાં આવેલી. તેઓને કામ કોન્ટ્રાક ઉપર કરવા જણાવેલું. તે બાબતનો સ્વિકાર કરીને તેઓએ કોન્ટ્રાકટ હેઠળ કામ સ્વિકારવાની ના પાડેલી તેવું જણાવેલ છે. વધુમા તેવું પણ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓએ કામ સ્વિકારવાની ના પાડતા આ કામ પુરુ કરવું જરૂરી હોઈ સંસ્થાએ વૈકલ્પિક વ્યવસ્થા કરીએ કોન્ટ્રાકટ થી કામ આપેલ. તેઓએ ઉલટતપાસમાં '' અમોએ આ કામગીરી તા.૯/૪/૦૩ સુધી કરેલી તે વાત ખરી છે.'' તેવું જણાવેલું છે. વધુમાં ઉલટતપાસમાં '' મેં દરવર્ષે ૨૪૦ દિવસ કામગીરી કરેલ છે તે દર્શાવતો લેખિત આધાર મારી પાસે નથી. તે વાત ખરી છે કે મેં ૧૯૯૬ ના વર્ષમાં ૪૪ દિવસ, ૧૯૯૭ માં ૧૦૩ દિવસ, ૧૯૯૮ માં ૭૦ દિવસ, ૧૯૯૯ માં ૧૦૩ દિવસ, ૨૦૦૦ માં ૧૪૩ દિવસ, ૨૦૦૧ માં શૂન્ય દિવસ, ૨૦૦૨ માં ૧૮૦ દિવસ, ૨૦૦૩ માં ૬૦ દિવસ કામ કરેલ છે. આમ આ કામે સંસ્થા તરફથી જવાબ તથા આંક ૨૮ નો દસ્તાવેજ ધ્યાને લેતા તેમાં જે હાજરી દર્શાવેલી છે તે હાજરીનેં બીજા પક્ષકારે ઉલટતપાસમાં કબુલ કરેલી છે. અને તેઓએ ૯/૪/૦૩ સુધી કામગીરી કરેલી તે બાબત તેઓએ ઉલટતપાસમાં કરી છે તેવું જણાવીને સંસ્થા તરફથી જવાબમાં અને જવાબમાં જે બાબત જણાવવામાં આવેલી છે તેને સમર્થન આપેલ છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક--૨૫/૨ થી જે બીજા પક્ષકાર મંગાજી કુલાજીને હાજીરીની વિગતો જણાવેલી છે. તેને ધ્યાને લઈએ તો તેમાં બીજા પક્ષકારને તા.૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધીની હાજરીમાં નવ દિવસ તેવું જણાવેલું છે અને છેલ્લી હાજરી તા.૧૦/૪/૦૩ સુધીની છે અને તા.૧૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધી તેઓની ગેરહાજરી છે. આ તમામ બાબતો ધ્યાને લેતા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ ના રોજ છુટા કર્યાનો અને તેઓએ ૧૫/૪/૦૩ સુધી કામ કર્યા હોવાની બાબત પુરવાર થતી નથી.

આ કામે સંસ્થા તરફથી પરમાર કાનાજી અંબાલાલ ૬/૪/૦૩ ના રોજથી સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનુ બંધ કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે આ સંદર્ભે જોઈએ તો કાનાજી અંબાલાલ પરમારની સરતપાસ ની ઉલટતપાસ યથાયોગ્ય સ્થાને જણાવેલી છે તેની તેઓએ ઉલટતપાસમાં મુખ્યત્વે જોઈએ તો જણાવેલ છે કે તેઓ ખેત મજુર તરીકે ફળ સંસોધન કેન્દ્ર દેહગામ ખાતે રોમજદાર મજુર તરીકે કામ કરતા હતા. એ વાત ખરી નથી કે તેઓ ૩/૧૦/૯૫ થી દાખલ થયેલા.આ કામગીરી તેઓએ ૧૬/૪/૦૩ સુધી બજાવેલી. તેઓએ તા.૧૬/૪/૦૩ સુધી કામ કરેલ છે તે બતાવતો કોઈ લેખિત આધાર રજુ કરેલ નથી, નામદાર હાઈકોર્ટની કોપી છે તે છે.વધુમા તેઓની કામગીરી સિઝનેબલ હતી તેના જવાબ માં હા જણાવીને તેઓને સળંગ

બોલાવતા હતા તેવું જણાવેલ છે. તેઓએ સંસ્થામાં ૨૪૦ દિવસ કામ કર્યાનું લેખિત આધાર તેઓની પાસે નથી. તેઓએ તા.૬/૪/૦૩ સુધી સંસ્થામાં ફરજ બજાવેલ છે તે વાત ખરી છે. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા ઉલટતપાસમાં પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા સને ૧૯૯૫ થી ૨૦૦૩ સુધીમાં જે કામ કર્યાના દિવસો પુછતા તે બાબતનો ઈન્કાર કરેલો છે એટલે કે સંસ્થાએ જે દિવસો હાજરીના જણાવેલ છે તેનો ઈન્કાર કરેલો છે વધુમાં ઉલટ તપાસમાં તેઓએ ૩૦૦ દિવસ ફરજ તેઓની સંસ્થામાં બજાવી છે એ સંદર્ભે તેઓની પાસે કોઈ પુરાવો નથી તેવું જણાવેલું છે.આ કામે બીજા પક્ષકારે તેઓની ઉલટતપાસમાં ૬/૪/૦૩ સુધી સંસ્થામાં તેમની ફરજો બજાવેલી છે તેવું જણાવેલું છે. જે બાબત સંદર્ભે સંસ્થા તરફથી તેમના જવાબમાં ૬/૪/૦૩ થી કામ ઉપર આવવાનું બંધ કરેલ હોવાનું જણાવેલું છે.આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક-૨૫/૨ થી જે બીજા પક્ષકાર કાનાજી અંબાલાલને હાજીરીની વિગતો જણાવેલી છે.આ કામે સંસ્થા તરફથી તેને ધ્યાને લઈએ તો તેમાં બીજા પક્ષકારનેતા.૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધીની હાજરીમાં ચાર દિવસ તેવું જણાવેલું છે અને છેલ્લી હાજરી તા.૦૫/૪/૦૩ સુધીની છે અને તા.૧૫/૪/૦૩ સુધી તેઓની ગેરહાજરી છે. આ તમામ બાબતો ધ્યાને લેતા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ ના રોજ છુટા કર્યાનો અને તેઓએ ૧૫/૪/૦૩ સુધી કામ કર્યા હોવાની બાબત પુરવાર થતી નથી.

આ કામે સંસ્થા તરફથી પરમાર વિષ્ણુજી પ્રતાપજીએ ૧૦/૪/૦૩ ના રોજથી સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનુ બંધ કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે આ સંદર્ભે જોઈએ તો પરમાર વિષ્ણુજી પ્રતાપજીની સરતપાસ ની ઉલટતપાસ યથાયોગ્ય સ્થાને જણાવેલી છે તેની તેઓએ મુખ્યત્વે ઉલટ તપાસમાં જણાવેલ છે કે તે વાત ખરી છે કે હું મહીનામાં જેટલા દિવસ કામ કરું તેટલા દિવસનો મને પગાર મળતો હતો. તે વાત ખરી નથી કે મેં આ કામગીરી તા.૧૦/૪/૦૩ સુધી બજાવેલી. તા.૧૦/૪/૦૩ થી તા.૧૬/૪/૦૩ સુધી તેઓએ કામગીરી કરેલ હોઈ તે અંગેનો આધાર તમે રજુ કરશો તેના જવાબમાં સાહેદ જણાવે છે કે પુરાવા નથી. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકારે જે કામગીરી કરેલી છે તે સંદર્ભે દિવસોમાં પુછતા તેઓએ ઈન્કાર કરેલો છે. તેઓ આ કોર્ટમાં ૨૪૦ દિવસ કે તેનાથી વધારે કામગીરી કરેલી હોય તેનો પુરાવો રજુ કરીશ તેવું જણાવીને ત્યાર બાદ તેઓની પાસે આધાર પુરાવો નથી તેવું જણાવીને તેઓ સંસ્થામાં તા.૧૦/૪/૦૩ સુધી નોકરી કરેલી તેવું જણાવ્યું છે. તા.૧૦/૪/૦૩ પછી કામ ઉપર આવવાનું બંધ કરીને તેના જવાબમાં ના એવું જણાવેલું છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક-૨૫/૨ થી જે બીજા પક્ષકાર પરમાર વિષ્ણુજી પ્રતાપજીની હાજરીની વિગતો જણાવેલી છે તેને ધ્યાને લઈએ તો તેમાં બીજા પક્ષકારને તા.૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધીની હાજરીમાં છ દિવસ તેવું જણાવેલું છે અને છેલ્લી હાજરી તા.૦૯/૪/૦૩ સુધીની છે અને તા.૧૫/૪/૦૩ સુધી તેઓની ગેરહાજરી છે. આ તમામ બાબતો ધ્યાને લેતા બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ ના રોજ છુટા કર્યાનો અને તેઓએ ૧૫/૪/૦૩ સુધી કામ કર્યા હોવાની બાબત

પુરવાર થતી નથી.

આ કામે સંસ્થા તરફથી પરમાર બાદરજી જવાનજીએ ૧૦/૪/૦૩ ના રોજથી સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનુ બંધ કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે આ સંદર્ભે જોઈએ તો પરમાર બાદરજી જવાનજીની સરતપાસ ની ઉલટતપાસ યથાયોગ્ય સ્થાને જણાવેલી છે તેઓએ ઉલટતપાસમાં મુખ્યત્વે જણાવેલ છે કે મારી સાથે બીજા જે કામદારો આ કેસમાં ચાર કામદારો છે તે પણ મારા માફક રોજમદાર કામદારો હતા તે વાત ખરી છે. અમો પાંચ જણા કોઈ કોન્ટ્રાકટમાં કામ કરતા ન હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમો મસ્ટર ઉપર કામ કરતા હતા. આ મસ્ટર જે હોય તે રોજમદાર કામદારોનું જે મસ્ટર હોય તેમાં મારું નામ છે તે વાત ખરી છે. છેલ્લે મેં તા.૧૬/૪/૦૩ ના રોજ સુધી કામગીરી કરી. તે વાત ખરી નથી કે મેં છેલ્લે તા.૧૦/૪/૦૩ સુધી કામગીરી કરી છે. મારી પાસે દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કર્યાનો પુરાવો નથી એવું જણાવીને સંસ્થા ધ્વારા જવાબમાં બીજા પક્ષકારનાં સને ૧૯૯૪ થી ૨૦૦૩ સુધીની કામગીરી કરી તેનાં દિવસો સંદર્ભે પુછતા બીજા પક્ષકાર ધ્વારા તેઓ ઈન્કાર કરવામાં આવેલો છે અને વધુમાં આ વર્ષો દરમિયાન કરેલ કામગીરીની વિગતો દર્શાવતું પત્રક તેઓ રજુક રી શકે તેમ નથી તેવું જણાવેલું છે. વધુમાં બીજા પક્ષકારને સંસ્થા ધ્વારા તા.૧૬/૪/૦૩ થી છુટા કર્યાનો કોઈ લેખિત હુકમ તમારી પાસે છે. તેના જવાબમાં બીજા પક્ષકાર ધ્વારા ના પાડેલી તેવું જણાવલું છે. અને તા.૧૦/૪/૦૩ થી તા. ૧૬/૪/૦૩ સુધી કામગીરી સંસ્થામાં કરી તે બાબતનો પુરાવો હાલમાં તેમની પાસે નથી અને આ અંગેનો પુરાવો તેઓ આવતી મુદતે રજુ કરશે તેવું જણાવેલું છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક–૨૫/૨ થી જે બીજા પક્ષકાર પરમાર બાદરજી જવાનજીની હાજીરીની વિગતો જણાવેલી છે.આ કામે સંસ્થા તરફથી તેને ધ્યાને લઈએ તો તેમાં બીજા પક્ષકારને તા.૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધીની હાજરીમાં સાત દિવસ તેવું જણાવેલું છે અને છેલ્લી હાજરી તા.૦૯/૪/૦૩ સુધીની છે અને તા.૧૫/૪/૦૩ સુધી તેઓની ગેરહાજરી છે. આ તમામ બાબતો ધ્યાને લેતા તથા તેઓની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ તા.૧૦/૪/૦૩ થી ૧૬/૪/૦૩ સુધી કામગીરી સંસ્થામાં કરી તે બાબતનો પુરાવો રજુ કરેલ નથી. આ તમામ બાબતો ધ્યાને લેતા તથા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ બીજા પક્ષકાર શ્રી પરમાર બાદરજી જવાનજીને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા.૧૬/૪/૦૩ ના રોજ છુટા કર્યાનો અને તેઓએ ૧૫/૪/૦૩ સુધી કામ કર્યા હોવાની બાબત પુરવાર થતી નથી.

આ કામે સંસ્થા તરફથી પરમાર બદાજી સોમાજીએ ૭/૭/૦૩ ના રોજથી સ્વેચ્છાએ ફરજ ઉપર આવવાનુ બંધ કરી દીધેલ હોવાનું જણાવેલ છે. આ કામે આ સંદર્ભે જોઈએ તો પરમાર બદાજી સોમાજીની સરતપાસની ઉલટતપાસ યથાયોગ્ય સ્થાને જણાવેલી છે તેઓએ મુખ્યત્વે ઉલટતપાસમાં જણાવેલ છે કે મેં છેલ્લે તા.૧૬/૪/૦૩ સુધી મારી ફરજ બજાવેલ છે. ત્યાર પછી મેં કયારેય મારી ફરજ બજાવેલ નથી.

તે વાત ખરી નથી કે મેં સંસ્થામાં તા.૭/૭/૦૩ સુધી મારી ફરજ બજાવેલ છે. એ વાત ખરી છે કે અમોને કોન્ટ્રાક પર કામ કરવા જણાવેલું. એ વાત ખરી છે કે અમોને કોન્ટ્રાક પર જવાની ના પાડી જેથી સંસ્થાએ બીજાને કોન્ટ્રાક આપ્યો. મને આંક ૧૯ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. તેમાં શું લખેલ છે તે મને ખબર નથી. સંસ્થામાં ૨૪૦ દિવસ કરતા વધારે કામગીરી કરી હોય તે બતાવતો મારી પાસે લેખિત આધાર નથી. તે વાત ખરી છે કે મેં ૧૯૮૮ માં ૧૪૦ાા, ૧૯૭૯ માં ૨૨૬ દિવસ, ૧૯૯૦ માં ૧૮૨ દિવસ, ૧૯૯૧ માં ૧૧૬ાા દિવસ, ૧૯૯૨ માં ૨૦૬ાા, ૧૯૯૩ માં ૨૦૫ દિવસ, ૧૯૯૪ માં ૨૩૯ દિવસ, ૧૯૯૫માં ૨૩૭ દિવસ, ૧૯૯૬ માં ૨૦૮ દિવસ, ૧૯૯૭ માં ૨૩૭ દિવસ, ૧૯૯૮ માં ૨૩૮ દિવસ, ૧૯૯૯માં ૧૮૦ દિવસ, ૨૦૦૦ માં ૧૦૯ દિવસ, ૨૦૦૧ માં શૂન્ય દિવસ, ૨૦૦૨ માં ૨૧૪ાા, ૨૦૦૩ માં ૧૦૬ દિવસ કામગીરી કરી છે. એ વાત ખરી નથી કે હું તા.૭/૭/૦૩ ના રોજ મારી જાતે કામ પર આવતો બંધ થયેલો. મારી પાસે કાયમી કામદાર તરીકે કામ કરતો હતો તે દર્શાવતો કોઈ લેખિત આધાર મારી પાસે નથી. આમ આ કામે બીજા પક્ષકાર ધ્વારા પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા બીજા પક્ષકારની જે હાજરીની વિગતો આંક–૨૮ ના દસ્તાવેજી લીસ્ટમાં જણાવેલ છે તે કબુલ રાખેલી છે. આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી આંક–૨૫/૨ થી જે બીજા પક્ષકાર પરમાર બદાજી સોમાજીની હાજીરીની વિગતો જણાવેલી છે. તેને ધ્યાને લઈએ તો તેમાં બીજા પક્ષકારને તા.૧/૪/૦૩ થી ૧૫/૪/૦૩ સુધી તથા ત્યારબાદ તા.૧૬/૪/૦૩ થી તા.૩૦/૪/૦૩ સુધી તથા તા.૧/૫/૦૩ થી તા.૧૫/૫/૦૩ સુધી, ૧૬/૫/૦૩ થી ૩૧ /૫/૦૩ સુધી તા.૧/૬/૦૩ થી તા.૧૫/૬/૦૩ સુધી તા.૧૬/૬/૦૩ થી તા.૩૦/૬/૦૩ સુધી તા.૧/૭/૦૩ થી તા.૧૫/૭/૦૩ સુધીની વિગતો રજુ થયેલી છે જેમાં બીજા પક્ષકાર બદાજી સોમાજીને તા.૬/૭/૦૩ સુધીની હાજરી છે અને તા.૭/૭/૦૩ થી તા.૧૫/૭/૦૩ સુધી તેઓની ગેરહાજરી છે આ બાબત ધ્યાને લેતા બીજા પક્ષકારે તા.૧૬/૪/૦૩ પછી સંસ્થામાં કામગીરી કરેલી છે. આ તમામ બાબતો ધ્યાનમાં લેતા બીજા પક્ષકારો તરફથી આગળ ઉપર જણાવ્યુ તે પ્રમાણે કોઈ હાજરી અંગેના મૌખીક પુરાવા રજુ કરેલા નથી કે રજુ કરાવવા માટે પ્રયત્ન કરેલા નથી પ્રથમ પક્ષકાર સંસ્થા તરફથી તેમના જવાબમાં બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા માં હાજરીની જે વિગતો જણાવેલી છે તે સંસ્થાના સાક્ષીની ઉલટ તપાસમાં તેને પાકોઆંક નિ.૨૫/૧ થી આંક–૨૮ પડેલ છે જેથી તે વંચાણે લેતા ઉપરોકત બાબતો જણાય છે. આ તમામ બાબતો ધ્યાનેલેતા બીજા પક્ષકારોને પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તા.૧૬/૪/૦૩ ના રોજથી છુટા કરેલ હોવાની બાબત પુરવાર થતી નથી જેથી બીજા પક્ષકારને રેફરન્સને કાયદાનુ બળ નથી જેથી બીજા પક્ષકારો જણાવે છે તે સમયે પક્ષકારો વચ્ચે કોઈ વિવાદ ઉપસ્થિત થયેલો નથી તેવુ ઉપરોકત ચર્ચાના આધારે ઠરાવવામાં આવે છે જેથી સંસ્થા ધ્વારા કોન્ટ્રાકટરના કામદારોથી કામ ચલાવે છે તે બાબત રેકર્ડ ઉપર આવેલી છે પરંતુ ઉપર જણાવ્યુ તે મુજબ બીજા પક્ષકારો જણાવે છે તે સમયે પક્ષકારો વચ્ચે વિવાદ ઉપસ્થિત થયેલ ન હોવાથી આ

બાબત બીજા પક્ષકારોને મદદકર્તા નથી.

આ કામે બીજા પક્ષકારો ધ્વારા તેઓના રજુઆતના સમર્થનમાં ના.એપેક્ષ કોર્ટના ચુકાદા રજુ કરેલ છે જે હુ વાંચી ગયેલ છે સદર ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સીધ્ધાંતોનો હુ નમ્રતાથી સ્વીકાર કરુ છુ પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે પ્રમાણે હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતા બીજા પક્ષકારોને સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મદદકર્તા નથી તેવ આથી ઠરાવવામાં આવે છે આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા ધ્વારા તેઓની રજુઆતના સમર્થનમાં ના.એપેક્ષ કોર્ટના ચુકાદા રજુ કરેલ છે તે ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલા સીધ્ધાંતોનો હુ નમ્રતાથી સ્વીકાર કરુ છુ તથા ઉપોકત કરેલ ચર્ચા અને અવલોકનના આધારે નીચે મુજબ આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

રેકર્ડ ધ્યાને લેતા આ કામે નિ.૭/૨ ને પાકો આંક–૨૯ અને નિ.૭/૫ ને પાકો આંક–૩૦ આપવામાં આવેલો છે અને સંસ્થાને આંક–૧૮ ની તથા તા.૧૪/૮/૧૮ ની અરજીને પાકો આંક–૩૦ આપવામાં આવેલો છે જેથી રેકર્ડની નિયમિતતા માટે પાકો આંક–હુકમના તબકકે આંક–૨૯–એ અને આંક–૩૦–એ ઉપરોકત બંને અરજીઓને હુકમના તબકકે આપવામાં આવે છે જે આથી સ્પષ્ટ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) બીજા પક્ષકારોનો રેફરન્સ (ટી) નં.૧૪૭/૦૪ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતા આ કામે ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

તા:–૦૪/૫/૨૦૧૯.

સ્થળ:–અમદાવાદ.

(કુ.છાયાબેન લાભશંકર મહેતા)
**Code:GJ00777**
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં.૮, અમદાવાદ.

NAVIN G. RATHOD,
P.A.